Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

# શ્રી જૈન સત્ય પ્રકાશ

વર્ષ ૧૫ : અંક ૫ ] તા.-૧૫-૨-૫૦ અમદાવાદ [ ક્રમાંક : ૧૭૩


તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

## विषय-दर्शन

| વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. સિદ્ધાંતોની પ્રાચીનતાનું રહસ્ય | ડૉ. આનંદશંકર ધ્રુવ | ૧૦૫ |
| ૨. ઇતિહાસના અજવાળે | શ્રી. મોહનલાલ. દી. ચોકસી | ૧૦૬ |
| ૩. શાંતિ નામક સૂરિઓ | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૦૯ |
| ૪. શિશુપાલગઢ | સંકલિત | ૧૧૪ |
| ૫. જૈનધર્મ આપણને શું શીખવે છે? | અનુ: અભ્યાસી | ૧૧૭ |
| ૬. સુનંદા અને રૂપસેનકુમાર | N. | ૧૨૦ |
| ૭. પ્રશ્નોત્તર-કિરણાવલી | પૂ. આ. શ્રીવિજયપદ્મસૂરિજી | ૧૨૪ |
| ૮. ગુલાબ અને કાંટા | અં. | ૧૨૭ |
| ૯. દેવદ્રવ્યના રક્ષણનો એક પ્રાચીન શિલાલેખ | પૂ. શ્રીન્યાયવિજયજી | ટાઈટલ ૨-૩ |
| ૧૦. નવી મદદ | | ટાઈટલ-૩ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દેવદ્રવ્યના રક્ષણનો એક પ્રાચીન શિલાલેખ

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રીન્યાયવિજયજી (ત્રિપુટી)

આજે મુંબઈ પ્રાંતમાં ધર્માદા ટ્રસ્ટ એક્ટથી જૈન સમાજ ખૂબ જ જાગૃત થઈ ગયો છે. આપણી શ્વે. જૈન કોન્ફરન્સે આ સામે જોરદાર દલીલો અને સજ્જડ શાસ્ત્રીય પુરાવાઓ રજૂ કર્યા છે. આપણી આ. ક. પેઢીના પ્રમુખ શ્રીયુત શેઠ કસ્તુરભાઇ લાલભાઈએ પણ આ બીલ જૈન મંદિરોને લાગુ ન પાડવું જોઈએ એ માટે દલીલો પૂર્વક જુબાની આપી છે.

અહીં હું દેવદ્રવ્યના રક્ષણની મહત્તા સૂચવતા એક પ્રાચીન શિલાલેખનું પ્રમાણ આપું છું, જે સુજ્ઞ વાંચકો વિચારે અને આપણી પ્રજાકીય લોકશાહી સરકાર પણ આ ઉપર પૂરતું ધ્યાન આપી, દેવદ્રવ્યના રક્ષણ માટે જે પ્રયત્નો ચાલે છે તેમાં સહકાર આપે.

પ્રસંગ એવો છે કે ચિત્તોડના રાજા અલ્લટરાજ ઉપર આચાર્યવર્ય શ્રીબલિભદ્રાચાર્યજીએ મહાન ઉપકાર કર્યો હતો અને રાજા પોતે તો તેમને પરમગુરુદેવ તરીકે માનતો જ હતો પરંતુ મેવાડની સરહદે આવેલા હત્થુંડીના રાજા વિદગ્ધરાજને બહુ જ પ્રેમપૂર્વક જણાવ્યું કે, આ ગુરુદેવને તમારા રાજ્યમાં બહુમાનપૂર્વક રાખશો અને ધર્મોપદેશ સાંભળી વીતરાગદેવના ધર્મનું આરાધના કરજો.

હત્થુંડીના રાઠોડ રાજાઓ પ્રાયઃ જૈનધર્મના પરમ ઉપાસકો હતા. વિદગ્ધરાજે બલિભદ્રસૂરિજીને કેટલાંક દાનપત્રો અને શાસનપત્રો આપ્યાં હતાં, જેમાંનુ વિદગ્ધરાજનું શાસનપત્ર વિ. સં. ૯૭૩નું હતું. એ જ શાસનપત્રનું વિદગ્ધરાજના પુત્ર મમ્મટરાજે પુનઃ વિ. સં. ૯૯૬માં સમર્થન કર્યું હતું.

" इदं चाक्षयधर्म्मसाधनशासनं श्रीविदग्धराज्ञा(जेन) दत्तं ॥ संवत् ९७३ श्रीमंमट[राज्ञा (जेन) समर्थि]तं संवत् ९९६ ॥ "

('ગુજરાતના ઐતિહાસિક લેખો' પૃ. ૨૪૫)[1]

૧. 'ગુજરાતના પ્રાચીન ઐતિહાસિક લેખો' સંગ્રાહક આચાર્ય ગિરજાશંકર વલ્લભજી. બી. એ. એમ આર. એ. એસ. નિવૃત્ત ક્યુરેટર પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ. મુંબઇ.

[ અનુસંધાન માટે જુઓ ટાઈટલ પેજ ત્રીજું ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्य प्रकाशक समितिनुं मासिक मुखपत्र

जेशिंगभाईनी वाडी : घीकांटा रोड
अमदावाद ( गुजरात )

# સિદ્ધાંતોની પ્રાચીનતાનું રહસ્ય

પાશ્ચાત્ય વિદ્વાનોએ એમના આરંભના વિદ્યાકાળમાં આપણા ઇતિહાસની જે કલ્પના આપણને બાંધી આપી હતી તે ઘણાં વર્ષો સુધી મનાઈ, પણ હવે સૂક્ષ્મતાથી જોઇ-વિચારીને પશ્ચિમ અને પૂર્વના ઘણા વિદ્વાનો માને છે કે પ્રથમ વેદની સંહિતાનો ધર્મ, તે પછી બ્રાહ્મણોનો, તે પછી આરણ્યકો અને ઉપનિષદોનો અને તે પછી જૈન અને બૌદ્ધોનો ધર્મ—એવી તે તે ધર્મનો કાલિક ક્રમવાર પરસ્પર ભિન્ન તબક્કો નથી. તે તે ગ્રંથોમાં જે જે ગુંથવામાં આવ્યું છે તે ઉપરાંત તે જ ગ્રંથોના કાળમાં બીજું ઘણું બહાર વિસ્તરેલું હતું જેનાં સૂચકચિહ્નો તે તે ગ્રંથમાં ઉપલબ્ધ થાય છે પણ જે એ ગ્રંથોમાં નિબદ્ધ નથી. આ દૃષ્ટિએ જોતાં, ગ્રંથોના કાલક્રમ અનુસાર તે તે ગ્રંથોની ઉત્પત્તિ માની વસ્તુનો કાલક્રમ આપણે કલ્પીએ તો ભુલાવામાં પડીએ. પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી ઈ. સ. પૂર્વે આઠમા અને છઠ્ઠા સૈકામાં થયા, તેથી એમણે પ્રરૂપેલો ધર્મ પણ એમના સમયથી જ અસ્તિત્વમાં આવ્યો એમ માનવું ભૂલભરેલું છે, એ ધર્મની ઝીણી વિગતો બાદ કરતાં એના તાત્ત્વિક સ્વરૂપમાં બહુ પહેલાંનો હતો એમ માનવાને પૂરતાં કારણો છે.

અહીં આપણે એટલું સ્મરણમાં રાખવું જોઈએ કે, જૈન, બુદ્ધ, બ્રાહ્મણ એવી પરસ્પર વિભેદક શબ્દાવલિ આપણા વિગ્રહકાળની શબ્દાવલિ છે. મૂળમાં જેઓએ ઇંદ્રિયાદિ ઉપર તથા એણે પ્રેરેલા રાગદ્વેષાદિ શત્રુઓ ઉપર જય મેળવ્યો છે, સત્યના તેજથી જેનાં આંતરચક્ષુ ઊઘડી ગયાં છે, જેઓની દૃષ્ટિ કૃપણ નહીં પણ બૃહત્, સાંકડી નહીં પણ વિશાળ થઈ ગઈ છે તેઓ જ વસ્તુતઃ ક્રમવાર જૈન, બૌદ્ધ અને બ્રાહ્મણ શબ્દ વાચ્ય છે. આપણે રાગ-દ્વેષાદિની જાળમાં ન પડ્યા હોત, અજ્ઞાનથી આપણાં નેત્રને છવાવા ન દીધાં હોત, આપણી દૃષ્ટિ સાંકડી નહિ પણ વિશાળ રાખી હોત તો આપણે સહુ ભિન્ન ભિન્ન વિવક્ષાથી જૈન, બૌદ્ધ કે બ્રાહ્મણ કહેવાત.

—ડૉ. આનંદશંકર ધ્રુવ.



| | | |
|---|---|---|
| વર્ષ ૧૫ | વિક્રમ સં. ૨૦૦૬ : વીરનિ. સં. ૨૪૭૬ : ઈ. સ. ૧૯૫૦ | ક્રમાંક |
| અંક ૫ | મહા વદિ ૧૪ : બુધવાર : ૧૫ ફેબ્રુઆરી | ૧૭૩ |





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઈતિહાસના અજવાળે

[ ૪ ]

**લેખક : શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી**

[ ક્રમાંક : ૧૭૪થી ચાલુ ]

**અ**જાતશત્રુ કોણિક એ શ્રેણિક ચેલણાનો પુત્ર હતો, અને નંદાપુત્ર અભયકુમારે રાજવીના જીવનકાળમાં ભગવંત મહાવીરદેવ પાસે દીક્ષા સ્વીકારેલી હોવાથી યુવરાજપદે હોઈ ગાદીવારસ પણ હતો. જૈનગ્રંથો પ્રમાણે એ ગર્ભમાં આવ્યો ત્યારે રાણી ચેલણાને માઠો દોહલો ઉત્પન્ન થવાથી તેણે જન્મતાં જ એને દૂર કરવાની યોજના કરાવી હતી, પણ શ્રેણિકને એ વાતની ખબર પડતાં જ જે સ્થાનમાં એ રખાયો હતો તે સ્થાનમાંથી પોતે એ લઘુ અર્ભકને લઈ આવ્યો હતો. એટલું જ નહીં પણ ચેલણાને ઠપકો આપી એનું પાલનપોષણ ખાસ તકેદારીથી કરાવ્યું હતું. આમ છતાં પૂર્વના વૈરથી કોણિકને પિતા પ્રત્યે અણગમો રહેતો. પિતા–પુત્રને અંગેનો વૃત્તાન્ત જૈનસાહિત્યમાં નોંધાયેલ છે એ જોતાં પ્રજ્ઞારૂપી કસોટીએ કસતાં સહજ જણાય છે કે ઉભય નજીકના છતાં પિતાને પાંજરામાં પૂરી પુત્ર એવો કોણિક રાજગાદી પર ચઢી બેઠો એમાં કંઈ જ આશ્ચર્ય નથી! આ વાતને ઉગ્રસેન અને કંસના ઉદાહરણથી પુષ્ટિ મળે છે અને "સમરાદિત્યચરિત્ર" માં તો માત્ર બાપ–દીકરો જ નહીં પણ માતા–પુત્ર, ભાઈ–ભાઈ, પતિ–પત્ની આદિ સગપણવાળા પણ પૂર્વના વૈરને લઈ વિચિત્ર વર્તન કરતા દૃષ્ટિગોચર થાય છે. એ સર્વમાં અદૃશ્યપણે ભાગ ભજવનારા અગાઉના ભવનાં કર્મો જ હોય છે.

શ્રેણિક રાજાને કોણિક રોજ પાંચસો ચાબકા લગાવતો. એ સામે કોઈની કંઈ જ સવ ચાલતી નહીં. ચેલણાનો રાજવી પ્રત્યેનો સ્નેહ અમાપ હતો છતાં તેણી પણ લાચાર બની હતી. આમ છતાં ભોજનવેળા તેણીની કરામત અને પ્રોત્સાહનથી જ દુઃખી રાજવીના દિવસો વ્યતીત થતા હતા. આવા પ્રેમી પિતા તરફ પુત્રનું આવું વર્તન સાણીથી જોયું જવાતું નહીં. એક વાર તક સાધતાં જ તેણીએ પુત્ર એવા કોણિકને એ સંબંધમાં રોકડું સંભળાવ્યું અને જન્મવેળાની વાત કહી. પિતાના અમાપ સ્નેહની પ્રતીતિ કરાવી. એ સાંભળી અજાતશત્રુ પાંજરુ તોડીને આવા વહાલસોયા પિતાને બહાર આણી તેમના ચરણમાં શિર નમાવી અપરાધ ખમાવવાના શુભ આશયથી હાથમાં કુહાડો લઈ દોડયો. ચાબકાને બદલે કુહાડો પકડી આવતા પુત્રને નીરખી પાંજરામાં રહેલ રાજવીએ અંગુલી પરની મુદ્રિકાનો હીરો ચૂસી આપઘાત કર્યો. પાંજરુ તોડી પિતાને બહાર કઢાડતાં કેવળ તેમનું મૃતક શરીર જણાયું. અશોકચંદ્ર ઉર્ફે કોણિકને આ જોઈ અતિશય દુઃખ ઉપજ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મગ્રંથના અભ્યાસીને ઉપરના બનાવ અંગે તાણાવાણા મેળવતાં કંઈ જ આશ્ચર્ય નહીં ઉદ્ભવે. પૂર્વનું વેર ભોગવાઈ રહેવાથી ચેલ્લણા રાણીની વાત પર શ્રદ્ધા બેઠી અને કોણિક જમતાં જમતાં ઊઠયો. આ સર્વ 'મોહનીય' કર્મની ચેષ્ટાઓ. બીજી બાજુ શ્રેણિકને થયું કે પુત્રના હાથે મરવું એ કરતાં આપઘાત કાં ન કરવો? એ પાછળ આયુષ્ય કર્મની પૂર્ણતાનાં દર્શન લાધે છે. આમ સુખદ પ્રસંગ માટેનો પ્રયાસ અફળ બને છે! અજાતશત્રુને આઘાત એવો સજ્જડ લાગે છે કે કેમે કરી એ ભુલાતો નથી અને એ કારણે રાજગૃહથી ચંપામાં રાજધાની ફેરવાય છે. બૌદ્ધ સાહિત્યમાં ઉપરનો પ્રસંગ વર્ણવતાં કહેવાયું છે કે અશોકચંદ્ર કોણિકે પિતાનો ઘાત કર્યો અને એ કામ શાક્ય મુનિના ભત્રિજા દેવદત્તની શિખવણીથી કર્યું. દેવદત્ત બુદ્ધ ભગવાનના વચનોને સ્વીકારતો નહોતો અને તેમના પ્રતિસ્પર્ધી મતપ્રચારકોમાં આગેવાન હતો. એ અંગે જે વિગત નોંધાઇ છે તે અપ્રસ્તુત હોવાથી એમાં ઊંડા ઉતરવા કરતાં વિન્સેન્ટ સાહેબના નિમ્ન શબ્દો ભારતવર્ષના તેમજ એની બહારના હરકોઇ લેખકે ધ્યાનમાં રાખવા જેવા છે, કે જેના પરથી ઉભય દર્શન જુદાં હતાં એ વાત સ્પષ્ટ થાય છે:

There seems to be no doubt that both Vardhamana Mahavira, the founder of the Systeeme known as Jainism and Gautama, the last Buddha, the founder of Buddisum as known to later ages, were preaching in Magadha during the reign of Bimbisara, although it is difficult to reconcile traditional detes.

આગળ જતાં બૌદ્ધ સંપ્રદાયના ગ્રંથોમાં કોણિકને બુદ્ધદેવ પાસે માફી માંગતો પ્રસંગ જોઈ, તેઓ જણાવે છે કે ભગવંત મહાવીર પછી થોડા વર્ષે બુદ્ધદેવ કાળધર્મ પામ્યા, આ ગણના ભૂલભરેલી છે અને ઉભય દર્શનના ગ્રંથોમાં કેટલાક બનાવો એવી રીતે સંઘરાયેલા છે કે જેના પરથી એ વહેતી થઈ છે. હર્ષની વાત એ છે કે એ પાછળ પરિશ્રમ સેવી મુનિ શ્રીકલ્યાણવિજયજીએ જુદા જુદા ઇતિહાસની સંખ્યાબંધ કડીઓ સાંધી 'જૈન કાળગણના' નામક ગ્રંથ તૈયાર કરી આપ્યો છે ને ઉપરનું મંતવ્ય ભૂલભર્યું સાબિત કર્યું છે. પહેલાં કાલધર્મ પામનાર બુદ્ધદેવ હતા. પુરાતત્ત્વવિદ્ વિદ્વાનોએ પણ મુનિશ્રીના મંતવ્યને સ્વીકાર્યું છે. ભગવાન મહાવીર બુદ્ધદેવ કરતાં વહેલાં નિર્વાણ પામ્યા એવી લોકવાયકા પ્રવર્તવામાં એક અન્ય પ્રસંગ પણ જવાબદાર છે. પુરાતત્ત્વવેત્તા પં. કલ્યાણવિજયજી ગણી પોતાના 'શ્રમણ ભગવાન મહાવીર' નામક હિંદી પુસ્તકમાં પૃષ્ઠ. ૧૩૮માં શ્રમણ ભગવાન મહાવીરની બિમારી અંગે જે વર્ણન આપે છે તેનો ઉપયોગ લોકવાયકામાં થયો જણાય છે. ગોશાલકનો ભગવંત પર તેજોલેશ્યા મુકવાનો પ્રસંગ જાણીતો છે, એથી ભગવંતને લોહીવા અને અતિસારની બિમારી છ માસ પર્યંત રહ્યાની નોંધ 'શ્રીકલ્પસૂત્ર'માં પણ કરેલી છે. એથી ભગવંતની કાયા એટલી હદે નિસ્તેજ બની હતી કે કેટલાક અનુભવી ચિકિત્સકોનું એવું માનવું હતું કે, 'ભગવાન મહાવીર હવે લાંબુ જીવે નહીં.' સાલકોષ્ટક ચૈત્ય નજીક માલુકાકચ્છમાં ધ્યાન કરી રહેલા મુનિ સિંહને આ વાતની ખબર પડી, એ સાંભળતાં જ તેમનું ધ્યાન તૂટી ગયું. એ સહજ વિચારવા લાગ્યા કે ભગવાનને છ મહિનાથી પિત્તજ્વર છે અને એ સાથે લોહીના ઝાડા પણ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગોશાલકના કથન મુજબ ભગવાન જરૂર નિર્વાણ પામવાના. આ મંતવ્ય જેના હૃદયમાં દૃઢ થયું છે એવા અનગાર સિંહ વિચરતા જલદી ભગવંત પાસે પહોંચ્યા. વિહારમાં પોતાની માન્યતા બીજાઓ સમક્ષ રજુ પણ થતી રહી. એ કાળના સંયોગો જોતાં અન્ય દેશાવરોમાં અનગાર સિંહના વલોપાત અને માન્યતાએ ભગવંતનું નિર્વાણ થયું હશે એવો ભાવ જન્માવ્યો હોય-તો એ અસંભવિત નથી. સિંહ અનગારના હૃદયમાં જડ નાંખી બેઠેલ માન્યતાને ટાળવા ખુદ ભગવંત કહે છે કે—'હું હજીયે સાડા પંદર વર્ષ સુધી ભૂમંડળ પર સુખપૂર્વક વિચારીશ. આમ છતાં એ શિષ્યનો આગ્રહ ઔષધ લેવડાવવાનો થાય છે અને મેંઢિય ગામમાં વસતી રેવતી ગાથાપત્નીને ત્યાં વહોરવા જવાનો પ્રસંગ બને છે. ઉક્ત ગ્રંથમાં એ અંગેનું જે વૃતાન્ત છે એ વાંચતાં સહજ સમજાય તેમ છે કે વહોરાવવામાં આવેલ આહાર 'માંસ'નો નહોતો. પટેલ ગોપાલદાસે ગૂજરાત વિદ્યાપીઠ મારફત શ્રીપૂંજાભાઈ ગ્રંથમાળામાં જૈનધર્મનાં જે પુસ્તકો પ્રગટ કર્યાં છે એમાં 'આહાર માંસયુક્ત હતો' એ કલ્પના કરી છે, જે નિરાધાર જણાય છે. જૈનો પણ એ કાળે માંસાહારી હતા એવું અનુમાન કરવા પાછળ કોઈ જ અંગત પુરાવો નથી. અહીં એ ચર્ચાના ઊંડાણમાં ન જતાં એટલું કહેવું પર્યાપ્ત છે કે ઉપરોક્ત રોગની ગંભીરતા એ બુદ્ધદેવ કરતાં ભગવંત મહાવીરના નિર્વાણને આગળ આણવામાં પરોક્ષપણે ભાગ ભજવ્યો હોય પણ ખરો!

ઇતિહાસકાર ખુદ જણાવે છે કે પ્રસંગોનું આલેખન એટલી હદે ભિન્ન પ્રકારે છે કે એમાંથી સત્ય તારવવું મુશ્કેલ પડે. આમ છતાં કોણિકે આસપાસના પ્રદેશો પર જીત મેળવી અજાતશત્રુ નામ સાર્થક કરી બતાવી, આખરે એની નજર વૈશાલી પર પડી. એ સંબંધમાં જૈન કથાનકોમાં વિસ્તૃતપણે કહેવાયું છે. કોણિક અને મહારાજા વચ્ચે ચાલેલા એ મહાસંગ્રામને અદ્વિતીયપણાની છાપ અપાઈ છે અને એ રીતે ગણ રાજ્યમાં કેંદ્રસ્થ એવી વૈશાલીનું પતન થયું એમ સ્પષ્ટ ઉલ્લેખ પણ કરાયેલ છે. એ વાત નીચેની નોંધમાં પણ મળી આવે છે.

The ambition of Ajatsatru, not satisfied with the humiliation of Kosal, next induced him to undertake the conquest of the north of the Ganges now known as Tirhut in which the Lichchhavi clan, famous in Buddhist legend, then occupied a prominent position, the invesion was successful, the Lichchhavi capital, Vaisali was occupied, and Ajatsatru became master of his maternel grandfather's territory.

આ પછી પાટલીપુત્રનો પાયો કેવી રીતે નંખાયો એની વાત આવે છે. એ હવે પછી જોઈશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'શાન્તિ' નામક સૂરિઓ

## સમાનનામક મુનિવરો ( લેખાંક : ૧લો )

લેખક : પ્રો૦ હીરાલાલ ર. કાપડિયા. એમ. એ.

[ ક્રમાંક : ૧૭૨ થી ચાલુ ]

પૂર્ણતલ્લગચ્છના શાન્તિસૂરિ—તિલકમંજરીના ટિપ્પણની પ્રશસ્તિ જોતાં એ ટિપ્પણના કર્તા 'પૂર્ણતલ્લ' ગચ્છના શાંતિસૂરિ છે એ વાત જાણી શકાય છે. આથી જો આ જ ટિપ્પણને અંગે કલ્યાણવિજયજીનું કથન હોય તો તે વિચારણીય ઠરે છે, કેમકે થારાપદ્ર અને પૂર્ણતલ્લ એ બે ગચ્છ શું ભિન્ન નથી? મેઘાભ્યુદયકાવ્યની વૃત્તિ પૂર્ણતલ્લ-ગચ્છીય અને વર્ધમાનસૂરિના પટ્ટધર શાન્તિસૂરિએ રચી છે. પં. લાલચંદ્રના મતે આ સૂરિએ વૃન્દાવન-કાવ્ય, ઘટખર્પર-કાવ્ય, શિવભદ્ર-કાવ્ય અને ચન્દ્રદૂત એ ચાર યમક કાવ્યોની પણ ટીકા રચી છે અને આ સૂરિનો સમય વિક્રમની ૧૧માથી ૧૨મી સદીની વચમાંનો છે.

ઉપર્યુક્ત ટિપ્પણકાર તે જ પાંચ યમક-કાવ્યના વૃત્તિકાર છે એમ ન માનવા માટે કોઈ બાધક પ્રમાણ જણાતું નથી એટલે એ પરિસ્થિતિમાં હું આ અભિન્નતા સ્વીકારું છું. બાકી પૂર્ણતલ્લ ગચ્છમાં વિક્રમની ૧૧મી-૧૨મી સદીમાં બીજા કોઈ શાન્તિસૂરિ થયાનો પ્રામાણિક ઉલ્લેખ મળી આવે તો હું મારો મત બદલું.

[1] ન્યાયાવતારના વાર્તિકકાર અને વૃત્તિ (વિવૃતિકાર)[2] કોણ?—ઉપર્યુક્ત પૂર્ણતલ્લ-ગચ્છીય અને વર્ધમાનસૂરિના પટ્ટધરને જ ન્યાયાવતારની વાર્તિક વૃત્તિના કર્તા છે એમ પં. લાલચન્દ્રનું અને એમના આધારે સ્વ. મો. દ. દેસાઈનું માનવું છે. એમ માલવણિયા કહે છે, અને એઓ પણ આ મતને અનુસરે છે, કેમકે 'વર્ધમાન' એ નામ અન્ય શાન્તસૂરિઓના ગુરુ તરીકે જાણવામાં નથી અને અન્ય શાન્તિસૂરિઓ સાથે આ વાર્તિકકારનો અભેદ સિદ્ધ થતો નથી તેથી તેઓ પૂર્ણતલ્લગચ્છના જ છે એમ એઓ કહે છે. પણ આ મારા નમ્ર મંતવ્ય પ્રમાણે માલવણિયાની દલીલો ચકાસી જોવા જેવી છે.

---

૧ આનો બીજો શ્લોક હરિભદ્રસૂરિએ 'ધર્મવાદ' નામના તેરમા અષ્ટકમાં પાંચમા પદ્ય તરીકે આપ્યો છે અને ચોથા પદ્યમાં એના કર્તા તરીકે 'મહામતિ'નો ઉલ્લેખ કર્યો છે.

૨ આનું નામ વિચારકલિકા છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૌથી પ્રથમ વાર્તિકકાર અને વૃત્તિકારનો અભેદ સિદ્ધ થવો ઘટે. વાર્તિકકારે પોતાનો પરિચય વાર્તિકમાં સ્પષ્ટપણે કોઈ સ્થળે આપ્યો નથી. બાકી વાર્તિકના અંતિમ—પહેલી અને ૫૭મી કારિકામાં સિદ્ધસેનને સૂર્યની ઉપમા આપી પોતાની જાતને ૫૭મી કારિકામાં 'ચન્દ્ર' તરીકે ઓળખાવી છે અને ચન્દ્ર શીતળ હોય છે, એ ઉપરથી એ 'શાંતિ' સૂરિનું શ્લેષાત્મક સૂચન છે એવી કલ્પના માલવણિયાએ કરી છે. વાર્તિકની ૧૯ મી કારિકામાં 'નઃ' શબ્દ સમજાવતાં વૃત્તિકારે વાર્તિકકારનું નામ આપ્યું નથી એ અજ્ઞાનને આભારી નથી, પણ વૃત્તિકાર જાતે જ વાર્તિકકારને એમ સૂચવે છે. અહીં મને **સંજમમંજરી** ઉપર ટીકા રચનારા કે જેઓ હેમહંસસૂરિના શિષ્ય છે તેમણે મહેશ્વરસૂરિનું નામ ન આપતાં 'પ્રકરણકાર' કહ્યા છે, એ બાબત યાદ આવે છે. ૫૭ મી કારિકાની વૃત્તિ નથી એ પણ આ વિચારને પોષે છે.

કારિકા અને એની ટીકા એ બંનેના પ્રણેતા એક જ હોય એવી [૧] કેટલીક કૃતિઓ વાર્તિકકારના સમયમાં રચાયેલી જોવાય છે, એટલે પ્રસ્તુત વાર્તિકકારે, પણ એ જ કર્યું હશે. વાર્તિક એટલું બધું પ્રાચીન નથી કે એના કર્તાનું નામ ભૂલાઈ જાય.

આ પ્રમાણે કારણો દર્શાવી વાર્તિકકાર અને વૃતિકારનો અભેદ સિદ્ધ કરાયો છે, બાકી સૂચીઓમાં તે વાર્તિકકારનું નામ જોવાતું નથી.

વાર્તિકની વૃત્તિના અંતમાં બે પદ્યો છે, તેમાં વૃત્તિકાર પોતાને 'ચન્દ્ર' કુળના **વર્ધમાનસૂરિના** 'શિષ્યાવયવ' તરીકે ઓળખાવે છે અને પોતાની કૃતિને **વિચારકલિકા** નામની વિવૃતિ કહે છે, આથી 'વૃત્તિ' ન કહેતાં 'વિવૃતિ' કહેવી વધારે ઉચિત જણાય છે.

'શિષ્યાવયવ' ના શિષ્યાણુ, શિષ્યલવ, અને શિષ્યલેશની પેઠે બે અર્થ સંભવે છેઃ (૧) લઘુ શિષ્ય અને (૨) પ્રશિષ્ય. કેટલીક વાર ગચ્છનાયકને ગુરુ તરીકે ઓળખાવાય છે. આ પરિસ્થિતિમાં વિવૃતિકાર **શાન્તિસૂરિ** તે **વર્ધમાનસૂરિના** શિષ્ય જ છે એમ સર્વાંશે કહેવા હું તૈયાર નથી.

'કલિકાલસર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિના ગુરુભાઈ પ્રદ્યુમ્નસૂરિના શિષ્યાવયવ **ચન્દ્રસેનસૂરિએ ઉત્પાદાદિસિદ્ધિપ્રકરણ** સંસ્કૃતમાં ૩૨ પદ્યોમાં રચ્યું છે. વિશેષમાં એના ઉપર એમણે વિ. સં. ૧૨૦૭ માં સંસ્કૃતમાં ટીકા રચી છે. આ ટીકા (પત્ર ૨૧૪)માં **વિચારકલિકા** નામની વિવૃતિ (પૃ. ૪૫)માં મળી આવતું અને **रत्नत्रयाख्यं**થી શરૂ થતું પદ્ય જોવાય છે. વળી સર્વજ્ઞવાદમાં પૃ. ૨૦૯ વગેરેમાં મીમાંસકનો પૂર્વ પક્ષ **વિચારકલિકા**નાં પૃ. ૫૨ ઇત્યાદિમાંના આધારે રજૂ કરાયો છે. વિશેષમાં અપોહની ચર્ચા માટે પણ આમ હકીકત છે.[1] આ [2] ત્રણ બાબતો વિચારતાં **વિચારકલિકા** વિ. સં. ૧૨૦૭ પહેલાં રચાઈ છે. એ હકીકત ફલિત થાય છે.

---

૧ વિદ્યાનન્દની **આપ્તપરીક્ષા** જિનેશ્વરનું **પ્રમાલક્ષ્મ** અને ચન્દ્રસેનનું **ઉત્પાદાદિસિદ્ધિપ્રકરણ**,

૧ જુઓ **ઉત્પાદાદિસિદ્ધિ** ટીકા પત્ર ૬૭ અને **વિચારકલિકા** (પૃ. ૯૬). ૨ જુઓ **માલવણિયાની** પ્રસ્તાવના (પૃ, ૧૫૦)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સમ્મઈ પયરણ**નો[1] ટીકાનો ઉપયોગ **વિચારકલિકા**માં કરાયો છે. આ ટીકાના કર્તા **અભયદેવસૂરિ**નો સમય વિ. સં. ૯૫૦થી ૧૦૫૦ની વચમાંનો ગણાય છે, એટલે આ ટીકાકાર પછી **વિચારકલિકા**ના કર્તા **શાન્તિસૂરિ** થયા એમ આપણે કહી શકીએ.

**વિચારકલિકા** ( પૃ. ૭૭ )માં **અનન્તકીર્તિ** તેમજ **અનન્તવીર્ય**નાં નામ છે, જો આ **અનન્તવીર્ય સર્વજ્ઞસિદ્ધિ**ના કર્તા જ હોય તો એઓ વિ. સ. ૮૪૦થી ૧૦૮૨ના ગાળામાં થઈ ગયા એમ શ્રી. **નાથુરામ પ્રેમી**નું કહેવું છે.

**પ્રભાચન્દ્રસૂરિ**નો સમય વિ. સં. ૧૦૩૭ થી ૧૧૨૨ નો છે એમ **ન્યાયકુમુદચન્દ્ર** ( ભા. ૨ )ની પ્રસ્તાવના ( પૃ. ૫૮ ) માં ઉલ્લેખ છે. પ્રસ્તુત **અનન્તવીર્ય** એમની પૂર્વે થઈ ગયેલા છે એમ શ્રી**મહેન્દ્રકુમાર**નું માનવું છે.

**ન્યાયાવતાર**ના વાર્તિકની ૨૩, ૨૫, ૨૯, ૩૦, ૩૧ અને ૩૪ એ ૭ કારિકાઓ **ઉત્પાદાદિસિદ્ધિ**ની ટીકામાં ઉદ્ધૃત કરાઈ છે. જુઓ આ ટીકાનાં પત્ર ૭૨ ને ૧૩૨, ૨૨, ૨૬, ૨૮, ૨૮ અને ૧૧૯. આ ઉપરથી વાર્તિકકાર વિ. સં. ૧૨૦૭ પહેલાં થયાનું સિદ્ધ થાય છે.

વાર્તિકની ૫૩ મી કારિકા વાદી **દેવસૂરિ**કૃત **સ્યાદ્વાદરત્નાકર** ( પૃ. ૧૨૩૨, વસ્તુતઃ ૧૦૩૨) માં જોવાય છે. આ સૂરિ વિ. સં. ૧૧૭૪ માં આચાર્ય બન્યા અને વિ. સં. ૧૨૨૬માં સ્વર્ગે સંચર્યા. જો ઉપર્યુક્ત કારિકા વાર્તિકકારની જ હોય અને એ **સ્યાદ્વાદરત્નાકર**માં ઉદ્ધૃત કરાયેલી જ હોય તો આ હકીકતને આધારે વાર્તિકકારને લગભગ વિ. સં. ૧૧૭૫ની આસપાસમાં થયેલા માની શકાય.

**ન્યાયાવતાર**ના ઉપર **સિદ્ધર્ષિ**ની ટીકા છે અને એના ઉપર **દેવભદ્ર**નું ટિપ્પણ છે. **વિસેસાવસ્સયભાસ**ની બૃહદ્વૃત્તિ નામે **શિષ્યહિતા** ‘ મલધારી ’ હેમચન્દ્રસૂરિએ વિ. સં. ૧૧૭૫ માં પૂર્ણ કરી. **દેવભદ્રસૂરિ**એ મલધારી પાસે ભણતાં ભણતાં કરેલા ટિપ્પણ (પૃ. ૧૨) માં વાર્તિકની ચોથી કારિકા જોવાય છે. આથી પણ ઉપરનું અનુમાન સમર્થિત થાય છે. આ પ્રમાણોનો ઊહાપોહ કરી **માલવણિયા**એ વાર્તિકકાર અને વૃત્તિકારને અભિન્ન ગણી એમનો સમય વિ. સં. ૧૦૫૦થી ૧૧૭૫નો નિર્ધારિત કર્યો છે. પં. **લાલચંદે** આ **શાન્તિસૂરિ**નો સમય ૧૧ થી ૧૨ મી સદીનો મધ્ય ભાગ માન્યો છે, એટલે આમ આ બાબતમાં બંને એકમત છે.

---

૧ આ ટીકાનું સંપાદન-કાર્ય પં. સુખલાલ અને પં. બેચરદાસે કર્યું છે. એમાં મહત્ત્વની કેટલીક ભૂલો છે એમ મુનિ શ્રીજંબૂવિજયજીનું કહેવું છે. વિશેષમાં સાંભળ્યા મુજબ એમણે પં. સુખલાલને આ ભૂલો કેટલાયે વખત થયાં બતાવી પણ છે. તો એનું શુદ્ધિપત્રક હવે તો સત્વર પ્રસિદ્ધ થવું ઘટે. જેથી આના અભ્યાસીને સુગમતા રહે. સાથે સાથે વિદ્વદ્વલ્લભ મુનિ શ્રીપુણ્યવિજયજીને પણ મારી સાદર વિજ્ઞપ્તિ છે કે આગમોદ્ધારકને હાથે સંપાદિત થયેલી આગમોની આવૃત્તિમાં જે અશુદ્ધિઓ હોવાનું એઓ અવારનવાર કહે છે તેનું શુદ્ધિપત્રક તેઓ વિના વિલંબે પ્રસિદ્ધ કરે કે જેથી આગળ ઉપર એમણે હાથે તૈયાર થતાં સંસ્કરણની પ્રસિદ્ધિ સુધી આના સામાન્ય અભ્યાસીઓને રાહ જોવી ન પડે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નાગેન્દ્રકુળના શાન્તિસૂરિ**—ઉદયપ્રભે ઉપદેશમાલાની વૃત્તિ—કર્ણિકા રચી છે. એમાં એમણે પોતાની ગુરુપરંપરાનો ઉલ્લેખ કર્યો છે. એમના કથન મુજબ નાગેન્દ્રકુળના મહેન્દ્રસૂરિના પટ્ટધર તે શાન્તિસૂરિ છે. આ વૃત્તિમાં એમના પ્રશિષ્ય [1]અમરચંદ્રને વિ. સં. ૧૧૫૦ થી ૧૧૯૯ સુધી રાજ્ય કરનારા સિદ્ધરાજની સભામાં પુષ્કળ માન મળતું હતું એમ કહ્યું છે; તો એ ઉપરથી આ શાન્તિસૂરિ સિદ્ધરાજના સમસમયી કે પળ પૂર્વવર્તી હશે એમ લાગે છે.

**પ્રાચીન જૈન લેખસંગ્રહ**માંના ૩૮૧મા લેખમાં વિજયસેનસૂરિનો જે ૧૨૮૮ નો પ્રતિમાલેખ છે તેમાં શાન્તિસૂરિનો ઉલ્લેખ મહેન્દ્રસૂરિના સંતાન તરીકે છે એથી આ સૂરિ કદાચ સાક્ષાત્ શિષ્ય ન પણ હોય.

જૈ. સા. સં. ઇ. (પૃ. ૩૯૦)માં કહ્યું છે કે વિ.સં. ૧૨૮૮ના બે શિલાલેખો "જૈન"ના તા. ૧૩–૧૧–૨૭ ના અંકમાં છપાયા છે. એમાં 'ખંડેરક' ગચ્છના આચાર્યોના ઉપાસક યશોવીરે કરાવેલા ચૈત્યમાં શાન્તિસૂરિએ શાન્તિનાથનું બિંબ અને જિનયુગલની કાયોત્સર્ગસ્થ મૂર્તિઓ પ્રતિષ્ઠિત કર્યાનો ઉલ્લેખ છે.

**'બૃહદ્' ગચ્છના શાન્તિસૂરિ**—વીરસંવત ૧૬૩૧ માં અર્થાત્ વિ. સં. ૧૧૬૧ માં બૃહદ્ગચ્છના નેમિચન્દ્રના શિષ્ય [2]શાન્તિસૂરિએ પોતાના શિષ્ય મુનિચન્દ્ર માટે **પૃથ્વીચંદ્રચરિત્ર** રચ્યું છે. એમણે આ ચરિત્ર મોટું તેમજ નાનું એમ બે પ્રકારનું રચ્યું છે. વિશેષમાં **ધમ્મરયણપયરણ** (ધર્મરત્નપ્રકરણ) પણ એમની જ કૃતિ છે, કેમકે એમાં એમણે **પૃથ્વીચન્દ્રચરિત્ર** જોવાની ભલામણ કરી છે. જૈ. સા. સં. ઈ. (પૃ. ૫૧૫)માં કહ્યું છે કે "વિ. સં. ૧૫૧૫ માં શાન્ત્યાચાર્યકૃત પૃથ્વીચન્દ્રમહર્ષિચરિતની પ્રત તાડપત્ર પર લખાઈ."

**કવિ શાન્તિસૂરિ**—શ્રીચન્દ્રસૂરિએ વિ. સં. ૧૨૧૪માં **સણંકુમારચરિય** રચ્યું છે. આમાં એમણે આરંભમાં અનેક કવિઓની પ્રશંસા કરી છે. તેમાંના એકનું નામ શાન્તિસૂરિ છે. (જુઓ જૈ. સા. સં ઈ. નુ પૃ. ૨૭૭) આ શાન્તિસૂરિ તે કયા ?

**ખંડિલ્લ ગચ્છના શાન્તિસૂરિ**—ભક્તામરસ્તોત્રની એક વૃત્તિ 'ખંડિલ્લ' ગચ્છના શાન્તિસૂરિએ રચી છે એમ **જૈન ગ્રન્થાવલી** (પૃ. ૨૮૫)માં ઉલ્લેખ છે.

**'તપા' ગચ્છના શાન્તિસૂરિ**—જૈન ગૂર્જર કવિઓ (ભા. ૨, પૃ, ૭૫૭)માં સૂચવાયા મુજબ વાદી દેવસૂરિએ પોતાના શિષ્યો પૈકી ચોવીસને 'આચાર્ય' પદવી આપી

---

૧. જૈ. સા. સં. ઈ. (પૃ. ૨૪૯) માં સૂચવાયા મુજબ સિદ્ધરાજે આને 'સિંહશિશુક' એવું બિરુદ આપ્યું હતું.

૨. આ શાન્તિસૂરિએ સિદ્ધ નામના શ્રાવકે બંધાવેલા નેમિચૈત્યમાં પોતાની પાટે આઠ આચાર્યો નામે મહેન્દ્ર, વિજયસિંહ, દેવેન્દ્રચન્દ્ર, પદ્મદેવ, પૂર્ણચન્દ્ર, જયદેવ, હેમપ્રભ અને જિનેશ્વર સ્થાપ્યા અને પોતાનો ગચ્છ 'પિપ્પલ' ગચ્છ પ્રસિદ્ધ કર્યો. જૂઓ જૈ. સા. સ. ઈ. (પૃ. ૨૩૮).

આ પૈકી વિજયસિંહસૂરિએ વિ. સં. ૧૧૮૩ માં શ્રાવકપ્રતિક્રમણસૂત્ર ઉપર ચૂર્ણિ રચી છે. આ બાબતમાં જણાવતાં જૈ. સા. સં. ઈ. (પૃ. ૨૫૦) માં એમના ગુરુ શાન્તિસૂરિને 'ચન્દ્ર'ગચ્છના સર્વદેવના પટ્ટધર કહ્યા છે. આ સર્વદેવના તે જ શું વાદિવેતાળના ગુરુ ગણાય ખરા ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી. એમાંના એક તે શાન્તિસૂરિ છે. એમનો સમય વિક્રમની બારમી સદીના ઉત્તરાર્ધથી તેરમી સદીના પૂર્વાર્ધ સુધીનો મનાય.

પરમાનન્દના પ્રગુરુ શાન્તિસૂરિ—છ પ્રાચીન કર્મગ્રન્થો પૈકી કમ્મવિભાગ (કર્મવિપાક) નામનો પહેલો કર્મગ્રન્થ ગર્ગર્ષિએ રચ્યો છે, એના ઉપર પરમાનન્દે ટીકા રચી છે, આ ટીકાની પ્રશસ્તિમાં એમણે ગુરુપરંપરા આપી છે, એ ઉપરથી જણાય છે કે ભદ્રેશ્વરસૂરિના શિષ્ય શાન્તિસૂરિ છે, એમના શિષ્ય અભયદેવ છે અને એમના શિષ્ય પરમાનન્દ છે.

નાયાધમ્મકહાની દેવેન્દ્રગણિકૃત રયણચૂડાકહા પરમાનન્દસૂરિ અને ચક્રેશ્વરસૂરિના ઉપદેશથી વિ. સં. ૧૨૨૧માં તાડપત્ર ઉપર લખાઈ. આ પરમાનન્દસૂરિ તે ઉપર્યુક્ત સૂરિ હશે, એમ જૈ. સા. સં. ઇ. ( પૃ. ૨૮૦ ) માં કહ્યું છે.

' નાણકીય ' ગચ્છના શાન્તિસૂરિ—પ્રાચીન જૈન લેખસંગ્રહના લેખાંક ૪૦૩ પ્રમાણે આ શાન્તિસૂરિનો એક શિલાલેખ વિ. સં. ૧૨૬૫ નો છે. એમાં એમના ગુરુનું નામ કલ્યાણવિજય દર્શાવાયું છે. સાથે સાથે એમના ગચ્છને ' નાણકીય ' કહ્યો છે.

'ચન્દ્ર'ગચ્છના શાન્તિસૂરિ—જૈ. સા. સં. ઇ. (પૃ. ૩૯૭ ) માં કહ્યા મુજબ જે દેવેન્દ્રસૂરિએ વિ. સં. ૧૨૯૮ માં ઉપમિતિભવપ્રપંચાકથાસારોદ્ધાર રચ્યો, છે તેઓ શાન્તિસૂરિના સંતાનીય છે, કેમકે આ પૃષ્ઠમાં નીચે મુજબ ઉલ્લેખ છેઃ—

" :( ભદ્રેશ્વરસૂરિ—હરિભદ્ર-શાન્તિસૂરિ-અભયદેવ-પ્રસન્નચન્દ્ર-મુનિરત્ન—શ્રીચન્દ્રસૂરિ શિષ્ય ) દેવેન્દ્રસૂરિ. "

' મડાહડીય ' ગચ્છના શાન્તિસૂરિ—પ્રાચીન જૈન લેખ સંગ્રહના ૫૦૮મા લેખ ઉપરથી જણાય છે કે કોઈ એક શાન્તિસૂરિએ ' મડાહડીય ' ગચ્છના યશોદેવસૂરિની મૂર્તિની પ્રતિષ્ઠા વિ. સં. ૧૩૮૭માં કરાવી હતી. એક ગચ્છના મુનિ અન્ય ગચ્છ માટે આવું કાર્ય ભાગ્યે જ કરે. આથી એવા અનુમાન માટે અવકાશ રહે છે કે આ શાન્તિસૂરિ તો ' મડાહડીય ' ગચ્છના હોવા જોઈએ.

' મડાહડીય ' ગચ્છના વર્ધમાને પોતાના ગચ્છને કોઈ કોઈ સ્થળે ' બૃહદ્ 'ગચ્છ કહ્યો છે.[1] તો મડાહડીયગચ્છ એ બૃહદ્ ગચ્છની શાખા હશે?

'ચન્દ્ર' ગચ્છના શાન્તિસૂરિ વિ. સં. ૧૩૨૨માં શાન્તિનાથચરિત્ર રચનાર મુનિદેવના ગુરુ દેવાનન્દ છે કે જેમણે સિદ્ધસારસ્વત નામનું શબ્દાનુશાસન રચ્યું છે. આ દેવાનન્દની પેઢીઓ નીચે મુજબ છે :—

ચન્દ્રપ્રભ-ધનેશ્વર-શાન્તિસૂરિ-દેવભદ્ર-દેવાનન્દ.[2]

'સંડેર ગચ્છના શાન્તિસૂરિઓ—પ્રાચીનલેખસંગ્રહનો ૩૩૬મો લેખ વિચારતાં એ જાણી શકાય છે કે વિ. સં. ૧૫૯૭ના લેખમાં સૂચવાયા મુજબ 'સંડેર' ગચ્છમાં

૧. જુઓ પ્રાચીન જૈન લેખ સંગ્રહના લેખ ૨૯૨ અને ૫૫૦.

૨. જુઓ જૈ. સા. સં. ઇ. (પૃ. ૪૧૩).

[ જુઓ અનુસંધાન પૃષ્ઠ ૧૧૬ ]



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શિશુપાલગઢ

## [ ૨૧૦૦ વર્ષનો પુરાણો કિલ્લો ]

**ભારતવર્ષનાં અવશેષોમાંથી સમ્રાટ ખારવેલનો કંડારેલો જે ઇતિહાસ મળી આવ્યો છે તે જૈન ઇતિહાસના પુરાવાની નાનીસૂની સિદ્ધિ ન ગણાય. પુરાતત્ત્વજ્ઞોએ એમાં અસંદિગ્ધ જૈનત્વનાં દર્શન કર્યાં ને એ શિલાલેખને જૈન તરીકે કબૂલ્યો ને વધાવ્યો. આજ સુધીમાં એવાં કેટલાંયે જૈનશૈલિનાં સ્થાપત્યો, મૂર્તિઓ, આલેખો કંઇક સંદિગ્ધ કે ભળતાં લાગ્યાં તે બૌદ્ધ ને બ્રાહ્મણધર્મના નામે ચડી ગયાં, કેમકે ઇતિહાસના અનુસંધાનમાં બૌદ્ધ સાહિત્ય કે હિંદુ પુરાણો જેટલો આધાર જૈન અનુશ્રુતિઓનો લેવાયો નથી અને તેથી જ અમે કહી શકીએ એમ છીએ કે એ અવશેષોનું એ દૃષ્ટિએ પુનરાવર્તન કરવામાં આવે તો કેટલાયે નિર્ણયો ફેરવવા પડે. ખારવેલના આ શિલાલેખ માટે એવું બન્યું નથી એ આનંદદાયક હકીકત છે. એ જ શિલાલેખવાળી ભૂમિ જે ઓડિસાના ઉદયગિરિ અને ખંડગિરિ નામે ઓળખાય છે ત્યાં નવા ખોદકામથી જે વધુ જાણવાલાયક હકીકત મળી છે તે જૈનો માટે ઉપયોગી હોવાથી વાચકો સમક્ષ રજૂ કરીએ છીએ.**

**સંપા૦**

★

**પ્રાચીન** અવશેષોના સંબંધમાં હિંદ ઘણો સમૃદ્ધ દેશ છે. ભૂતકાળમાં હિંદના પુરાતન ઇતિહાસની શોધ અંગે ઘણું કામ કરવામાં આવેલું છે. તોપણ તેના પુરાતન અવશેષોનો ઘણો મોટો ભાગ હજુયે સંશોધન વિના દટાયેલો પડ્યો છે. છેલ્લાં બે વર્ષ થયાં હિંદ સરકારના પુરાતત્ત્વખાતા તરફથી કેટલુંક વ્યવસ્થિત ખોદકામ ચાલુ કરવામાં આવ્યું છે. પોંડીચેરી આગળ આરિકામેડુ પાસે અને મહિસુર રાજ્યમાં બ્રહ્મગિરિ અને ચન્દ્રાવલિ આગળ યોજનાપૂર્વક પુરાતત્ત્વ અવશેષો મેળવવાને ખોદકામ ચાલુ કરવામાં આવેલું છે. પુરાણી સંસ્કૃતિઓનો કડીબંધ ઇતિહાસ મેળવવાના દૃષ્ટિબિન્દુથી આ કાર્ય હાથ ધરવામાં આવેલ છે. એમ માનવામાં આવે છે કે આ સંસ્કૃતિઓ એક બીજાની ગાઢી અસર હેઠળ આવેલી હતી.

ઈ. સ. ની આસપાસના સમયની દક્ષિણાત્ય સંસ્કૃતિઓના સ્પષ્ટ ચિત્રો હવે આલેખી શકાય એમ છે. દક્ષિણમાં શરૂ કરેલું કામ ઉત્તર તરફ ગતિમાન થયું છે. નજદીકના જ ભવિષ્યમાં હજુ સુધી અસ્પષ્ટ રહેલું બૌદ્ધિક, ઔપનિષદિક, બ્રાહ્મણિક અને પૂર્વવૈદિક સંસ્કૃતિઓની કલાઓ અને ગુણદોષોનું ચોક્કસ માપ કાઢી શકાશે, અને ઈ. સ. પૂર્વે ત્રણ હજાર વર્ષની સિંધુસંસ્કૃતિ અને ઈ. સ. પૂર્વ ત્રીજા–ચોથા સૈકાની સંસ્કૃતિ વચ્ચેની કડીઓ સાંધી શકાશે.

ઓરિસ્સા વિસ્તારમાં ભુવનેશ્વર નજદીક પૂર્વ તરફ બે માઇલ દૂર ખોદી કાઢવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવેલા શિશુપાલગઢ નામના એક મજબૂત કિલ્લાની શોધખોળ, એ આ દિશામાં થયેલી પ્રગતિનું સૂચન કરે છે.

આ ખોદકામ પુરાતત્ત્વખાતાના સુપરિન્ટેન્ડન્ટ શ્રી. બી. બી. લાલની દેખરેખ નીચે કરવામાં આવ્યું હતું અને હિંદની કેટલીક વિદ્યાપીઠો અને સંસ્થાઓ સાથે જોડાયેલા તથા અન્ય વિદ્વાનો ઉપરાંત ચીન અને સીલોનમાંથી આવેલા વિદ્વાનોએ પણ આ કાર્યમાં ભાગ લીધો હતો. ખોદકામ ચાલુ હતું ત્યારે હિંદના પુરાતત્ત્વ વિભાગના ડિરેક્ટર જનરલ ડો. એન. પી. ચક્રવર્તીએ આ સ્થળોની વારંવાર મુલાકાત લીધી હતી.

શિશુપાલગઢની રાંગ આસપાસ અત્યારે જે જલસ્રોત વહી રહ્યો છે તે પુરાણા કાળમાં ગઢની આસપાસ ફરતી ઊંડી ખાઈનું સૂચન કરે છે. શિશુપાલગઢનો વિસ્તાર આશ્ચર્યમુગ્ધ કરે એવો સપ્રમાણ છે. તે સમચોરસ જણાય છે. પ્રત્યેક બાજુ આસરે પોણો માઈલ લાંબી છે. પ્રત્યેક બાજુએ બે એમ કુલ આઠ વિશાળ દરવાજાઓ છે. તે ઉપરાંત ઠેરઠેર અનેક નાનાં નાકાંઓ પણ છે.

ખોદકામથી જાણવા મળ્યું છે કે શરૂઆતમાં આ ગઢની દીવાલો પાયામાં ૧૦૦ ફૂટ પહોળી અને ૨૫ ફૂટ ઊંચી હોવી જોઈએ. બીજે તબક્કે ત્રણ કે ચાર ફૂટ જાડું પથ્થરનું આવરણ ચણી લેવામાં આવ્યું હશે. ત્રીજે તબક્કે ગઢની દીવાલની બંને બાજુએ પાકી ઈંટનું ચણતર ચણી લેવામાં આવ્યું હોવું જોઈએ, અને માટીનું વચ્ચેનું પડ જેમનું તેમ રહેવા દીધું હોવું જોઈએ.

આઠમાના એક વિશાળ દરવાજાનું ખોદકામ કરતાં માલુમ પડ્યું છે કે આ દરવાજો ૧૫ ફૂટ પહોળો છે અને તેના દરવાજા આગળ ૧૩ ફૂટ સાંકડો છે. દરવાજાની બન્ને બાજુએ પાંચ કે ૭ ફૂટ પહોળા વિશેષ અવરજવર માટે માર્ગો છે. રાત્રે જ્યારે વાહનવ્યવહાર બંધ થઈ જતા અને મુખ્ય દરવાજો બંધ કરી દેવામાં આવતો ત્યારે મોડા આવનારાઓ આ સાંકડા દરવાજાનો ઉપયોગ કરી શકતા. મૌર્યકાળના વિચક્ષણ મુત્સદ્દી કૌટિલ્યે તેના અર્થશાસ્ત્રમાં દુર્ગમાં દાખલ થવાની આ પ્રકારની સગવડ આપતા માર્ગનો ઉલ્લેખ કરેલો છે. દરવાજાની બંને બાજુએ ૬૩ ફૂટ લાંબા અને ૨૮ ફૂટ પહોળા મિનારાઓ હતા અને તેની ટોચ પર જવાને પથ્થરનાં સોપાનો બાંધવામાં આવેલાં હતાં.

ગઢના મધ્ય ભાગમાં સોળ સ્તંભો છે. જે તે જમાનાના સભાગૃહનો ખ્યાલ આપે છે.

ભૂગર્ભમાંની જળસપાટીથી પણ નીચે પંદર ફીટ ઊંડે સુધી ખોદકામ કરવામાં આવ્યું હતું. અને પાણી ખેંચી કાઢવામાં પમ્પીંગ યંત્રો અને અન્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

કેટલીક નાની નાની વસ્તુઓ પણ શોધી કાઢવામાં આવી છે. તેમાં દેહસાંદર્યનાં સાધનો જેમ કે–એરીંગ, માળા, કાચની બંગડી, કિંમતી પથ્થરો અને હાથીદાંતનાં સુશોભનો આદિનો સમાવેશ થાય છે. તે ઉપરાંત શાન્તિકાળ અને યુદ્ધકાળમાં ખપ લાગતાં લોઢાનાં ઓજારો, શસ્ત્રો પણ મળી આવ્યાં છે.

સોનું, ચાંદી, તાંબુ, સીસું વગેરે ધાતુઓના કેટલાક સિક્કાઓ પણ મળી આવ્યા છે. આ સિક્કાઓ ઉપલા થરમાંથી મળી આવ્યા છે અને તે ઈ. સ. પછીના બીજાથી ચોથા સૈકાઓના હોય એમ માલુમ પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સ્થળનો કાળ ઇ. સ. પૂર્વે ૩૦૦ નો બાંધવામાં આવ્યો છે. ખંડગિરિ–ઉદયગિરિની ટેકરીઓ પરથી મળી આવેલા શિલાલેખ ઉપરથી જાણવા મળે છે કે સમ્રાટ ખારવેલે તેના રાજ્યના અમલના પ્રથમ વર્ષમાં તેની રાજ્યધાની કલિંગનગરના ગઢની રાંગ અને દરવાજાઓનું મરામત કામ કરાવ્યું હતું. આ ટેકરીઓની આસપાસ આજ પર્યંત આ શિશુપાલગઢનુંજ અસ્તિત્વ હોય એમ જણાયું છે અને તેથી કલિંગનગર તે આ જ શિશુપાલગઢ હોવું જોઈએ એવું માનવાને કારણ મળે છે. ત્યાં તે વખતે ખારવેલના રાજ્ય અમલનું કલિંગ સામ્રાજ્ય પ્રવર્તમાન હોવું જોઈએ એવું અનુમાન બાંધવામાં આવ્યું છે.

આ સ્થળેથી પ્રાપ્ત થતા પુરાવાઓ ઉપરથી એમ કહી શકાય કે અહીં ઈ. સ. પછીના ચોથા સૈકાના મધ્યકાળ સુધી વસવાટ રહ્યો હતો. જો કે કેટલાંક લખાણો ઉપરથી એવું પણ સમજાય છે કે અહીં છેક મધ્યયુગ સુધી લોકો વસવાટ કરીને રહેતા હતા.

આપણા પુરાતન ઈતિહાસ ઉપર આ શોધખોળની ઘણી અસર થઈ છે. પહેલાં પ્રથમ તો ૨૧૦૦ વર્ષ પુરાણા કિલ્લાની અને તેના વિશાળ દરવાજા અને દીવાલોની સપ્રમાણ બાંધણીની શોધથી આપણા પુરાતત્ત્વજ્ઞાનમાં એક વિશિષ્ટ ઉમેરો થયો છે. કોઈ પણ પ્રકારની પરદેશી અસર વિનાની બાંધણીવાળો સ્થાપત્યનો આ નમૂનો હિંદને ગૌરવ આપનારો છે.

મળી આવેલાં કેટલાંક સચિત્ર માટીનાં વાસણો ઉપરથી એવું પણ અનુમાન બાંધવામાં આવે છે કે હિંદના પૂર્વ વિસ્તારના કલિંગ સમ્રાટને, સીધી યા આડકતરી રીતે રોમન સમ્રાટ સાથે ભૂમધ્ય સાગરની દુનિયા સાથે સંપર્ક હોવો જોઈએ.

'પ્રજાબંધુ' ] [ તા. ૧૫ ઓગસ્ટ સને ૧૯૪૮

[ અનુસંધાન પૃષ્ઠ ૧૧૩નું ચાલુ ]

શાન્તિસૂરિ થયા છે અને બંનેના ગુરુનું નામ સુમતિ છે. એમાંના એક વિ. સં. ૧૫૯૭માં થઈ ગયા છે તો બીજા એમના કરતાં કેટલીક પેઢીઓ પૂર્વે થયા છે.

જૈ. સા. સં. ઈ. (પૃ. ૫૨૬)માં 'સાંડેર' ગચ્છનો ઉલ્લેખ છે તે જ 'સંડેર' છે. અહીં સૂચવાયું છે કે વિ. સં. ૧૫૫૦ની આસપાસમાં 'સાંડેર' ગચ્છના સુમતિસૂરિના શિષ્યે[1] સાગરદત્તરાસ રચ્યો છે, અને આ શાન્તિસૂરિના શિષ્ય ઇશ્વરસૂરિએ વિ. સં. ૧૫૬૧માં લલિતાંગચરિત્ર રચ્યું છે.

આ પ્રમાણે અહીં "સમાનનામક મુનિવરો" નામની જે લેખમાળા મેં લખવા ધારી છે તેનો[2] "લેખાંક ૧" પૂરો થાય છે. હવે પછી "લેખાંક ૨" તરીકે 'મહેશ્વર' નામક સૂરિઓ આપવા વિચાર છે.

૧. દાનનું માહાત્મ્ય દર્શાવનારી આ કૃતિમાં ૧૩૭ કડીઓ છે. એ પાઈય અવહટ્ટ અને ગુજરાતી એમ ત્રણ ભાષામાં ગુંથાયેલી છે.

૨. આ તૈયાર કરવામાં મને માલવણિયાની પ્રસ્તાવના વિશેષતઃ પ્રેરક તેમજ સહાયક નિવડી છે એથી હું એ બાબતની અહીં સાભાર નોંધ લઉં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનધર્મ આપણને શું શીખવે છે !

અનુવાદક : અભ્યાસી

[ આ આખોયે લેખ મૂળ હિંદીમાં "जैनधर्म हमें क्या सिखाता हैं" 'વિશ્વ-બન્ધુ'માં પ્રગટ થયો છે. તેના લેખક પ્રો. સી. જે. મિશ્ર છે. તેઓ એક અજૈન વિદ્વાન છે. પરન્તુ તેમણે જૈન સાહિત્યના વાંચન-મનન પછી આ લેખ લખ્યો છે એમ સહેજે સમજાય છે. સુજ્ઞ વાંચકો આમાંથી સાર સમજી લે. એમણે ફૂટનોટમાં આપેલા પાઠોમાં મેં માત્ર જરૂર લાગી ત્યાં જ અર્થ આપ્યો છે, બાકીનાનો અર્થ સ્પષ્ટ છે એટલે જ નથી આપ્યો. મેં એમના ક્રમમાં થોડો ફેરફાર કર્યો છે. ]

૧. જૈનદર્શન એ આસ્તિક દર્શન છે અને જેવું સુંદર અને સ્પષ્ટ આત્મસ્વરૂપ જૈનદર્શને બતાવ્યું છે તેવું બીજાં દર્શનોએ નથી બતાવ્યું. અથવા તો બહુ જ ક્લિષ્ટ બતાવ્યું છે. આમાં કોઈએ બ્રહ્મરૂપ, કોઈએ બ્રહ્મના અંશરૂપ, કોઈએ વાસનારૂપ, કોઈએ નિત્ય, કોઈએ અનિત્ય, કોઈએ ક્ષણિક અને કોઈએ શાશ્વતરૂપે આત્મસ્વરૂપ દર્શાવ્યું છે જ્યારે જૈનદર્શને એક ચોક્કસ એવું આત્માનું સ્વરૂપ સરસ રીતે બતાવ્યું છે, જેથી તેની આસ્તિકતા તો આપોઆપ સિદ્ધ થઈ જ જાય.[1]

૨. જૈનધર્મ પ્રાણી માત્રની[2] સાથે મૈત્રી રાખવાનું અને કોઈ પણ જીવની સાથે દ્વેષ-વૈરવિરોધ ન રાખવાનું શીખવે છે.

૩. જૈનધર્મ સંસારના દરેક પ્રાણીઓ સાથે સમભાવ રાખવાનું શીખવે છે તેમજ દરેક ધર્મવાળાઓ સાથે પણ સમભાવ રાખવાનું સૂચવે છે[3] (વિરોધી ધર્મવાળાઓ સાથે માધ્યસ્થ્ય ભાવ રાખવાનો ઉપદેશ કરતાં પણ ચૂકતું નથી.[4]

૪. જૈનધર્મ આત્મા પરમાત્મા છે, (બને છે) એમ શીખવે છે, (અર્થાત આત્મા કર્મ રહિત બની, રાગ-દ્વેષનો ત્યાગ કરીને અજર અમર પરમાત્મદશા પ્રાપ્ત કરે છે.

---

૧. नाणं च दसणं चेव, चरित्तं च तवो तहा।
वीरियं उवओगो य, एयं जियस्स लक्खणं ॥

–જ્ઞાન (વિશેષાવબોધરૂપ) દર્શન (સામાન્ય અવબોધરૂપ) ચારિત્ર, તપ, વીર્ય–સામર્થ્ય, અને ઉપયોગ–ચેતના શક્તિનો વ્યાપાર આ જીવનું લક્ષણ છે. અથવા **चेतनालक्षणः** જીવને આ સરલ પાંચ લક્ષણ મળે જ છે.

૨ 'मित्ति मे सव्वभूएसु वेरं मज्झं न केणइ" આ સૂત્રખુબ જ પ્રસિદ્ધ છે.

३ सेयंवरो वा असेयंवरो वा बुद्धो वा अहव अन्नो वा ।
समभावभावी अप्पा लहइ मोक्खं न संदेहो ॥

४ क्रूरकर्मनिःशंकं देवतागुरुनिंदिषु। आत्मशंसिषु योपेक्षा तन्माध्यस्थ्यमुदीरितम्।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫. જૈનધર્મ આપણો આત્મા જ આપણો મિત્ર અને શત્રુ છે એમ શીખવે છે.

૬. જૈનધર્મ પ્રાણી માત્રને—દરેક ભવ્ય પ્રાણીને મુક્તિના અધિકારી માને છે, પછી તે ભલે સ્ત્રી હોય કે પુરુષ, બ્રાહ્મણ હોય કે શુદ્ર હોય; દરેકને પોતાના કષાયો અને કર્મોનો ક્ષય કરી મુક્તિના અધિકારી માને છે.

૭. જૈનધર્મ એમ શીખવે છે કે જાતિથી કોઇ બ્રાહ્મણ નથી કે શુદ્ર નથી. જાતિથી કોઈ ક્ષત્રિય નથી કે વૈશ્ય નથી. કર્મથી એ બ્રાહ્મણ છે, શુદ્ર છે, ક્ષત્રિય છે કે વૈશ્ય છે. માથું મુંડાવવા માત્રથી કોઈ સાધુ નથી, યજ્ઞોપવીત રાખવા માત્રથી કોઈ બ્રાહ્મણ નથી. કહ્યું છે. કે–

**नवि मुंडियेण समणो, न ॐकारेण बंभणो, समयाए समणो होइ बंभचेरेण बंभणो**. માથું મુંડાવવાથી કોઈ શ્રમણ નથી પરન્તુ સમતા રાખવાથી શ્રમણ છે. ૐકારના જાપથી કોઈ બ્રાહ્મણ નથી પરંતુ બ્રહ્મચર્ય પાળવાથી અને (બ્રહ્મ જાણવાથી) બ્રાહ્મણ છે, એમ જૈનધર્મ શીખવે છે.

૯. સાત નય, સપ્તભંગી, ચાર નિક્ષેપા અને બે પ્રમાણઃ આમાં પ્રથમના ત્રણ જૈનધર્મ સિવાય કોઈ નથી માનતું.

૧૦. સ્યાદ્વાદ–અપેક્ષાવાદ અનેકાન્તવાદ એ જૈનધર્મનો મુખ્ય સિદ્ધાન્ત છે અને એનો ટૂંકો અર્થ એ થાય છે કે દરેક વસ્તુમાં અપેક્ષાએ વિવિધ ધર્મોનો સમાવેશ થાય છે. દરેક વસ્તુ જુદી જુદી દૃષ્ટિથી જુદી જુદી રીતે નિહાળ્યા પછી જ એ પૂર્ણરૂપે જાણી શકાય છે.

જૈનધર્મ અહિંસા; સંયમ અને તપને મુખ્ય ધર્મ ગણે છે.

**અહિંસાઃ** સર્વ જીવો પ્રતિ મૈત્રી, પ્રેમ, કરુણા અને માધ્યસ્થ્ય ભાવના એનો અહિંસામાં ખાસ સમાવેશ થાય છે.

સાચા અહિંસકમાં દ્વેષ, ઈર્ષ્યા, અસહિષ્ણુતા, છિદ્રાન્વેષિતા અને સ્વાર્થવૃત્તિનો સર્વથા અભાવ હોવો જોઈએ.

સાચા અહિંસકમાં હૃદયની કટુતા, ડંખ કે મેલની ગાંઠ ને આંટીઘુંટીનો સર્વથા અભાવ હોવો જોઈએ.

સાચા અહિંસકમાં બીજાને છેતરવાની, ઠગવાની, દબાવાની, પરાધીન રાખવાની કે ઉદરંભરી વૃત્તિનો અભાવ હોવો જોઈએ.

સાચા અહિંસકમાં દયા, વાત્સલ્ય, કરુણા, નમ્રતા, વિનય, વિવેક, સેવાવૃત્તિ, પરોપકાર કે બીજા સર્વનું ભલું કરવાની વૃત્તિ હોવી જોઈએ.

અહિંસા એ અમૃત છે અને હિંસા એ હલાહલ વિષ છે.

અહિંસક માનવી પોતાની ફરજ સમજીને સર્વ જીવોના હિતને માટે, સુખને માટે અને શાંતિને માટે જ જીવે છે.

**સંયમ** : ત્યાગદશા, વિરતિપણું, મહાવ્રત, અણુવ્રત, ગુણવ્રત, શિક્ષાવ્રત વગેરે

---

૫. **स एव परमं ब्रह्म, स एव जिनपुंगवः। स एव परमं तत्त्वं स एव परमं तपः** તે આત્મા બ્રહ્મસ્વરૂપ છે, તે આત્મા જિનેશ્વર છે, તે આત્મા પરમ તત્ત્વરૂપ છે. અને તે આત્મા જ ઉત્કૃષ્ટ તપરૂપ છે. વળી, **आकाररहितं शुद्धं स्वरूपे च व्यवस्थितं, सिद्धमष्टगुणोपेतं निर्विकारं निरंजनम्**। તે આત્મા નિરાકાર, સ્વરૂપમાં સ્થિત, સિદ્ધ ભગવંતના આઠે ગુણોથી યુક્ત, નિર્વિકાર અને નિરંજન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગેરે સ્વીકારી આત્મિક વિકાસની પ્રગતિમાં, આત્માના ઉત્થાનમાં આગળને આગળ વધવું, જીવનશુદ્ધિ, સદાચાર, સંતોષ, અકાલુષ્ય, અમાન, અમાયી, અલોભીવૃત્તિ રાખવી.

આથી આગળ વધતાં આશ્રવદ્વારને બંધ કરી સંવરમાર્ગ સ્વીકારી નિર્જરાને પંથે ચાલવું.

આ બધા સંયમપંથે સંચરવાના વિવિધ માર્ગો છે.

ચારિત્રનો માર્ગ આત્મશુદ્ધિનો માર્ગ છે. ચારિત્રનું ફલ મુક્તિ છે.

**તપ** : બાહ્ય અને આભ્યંતર તપ આત્મશુદ્ધિ માટે છે. 'ઇચ્છાનિરોધ' તપ છે. તપથી—ક્ષમા અને શાંતિપૂર્વકના તપથી હૃદયની શુદ્ધિ, શાંતિ અને સમભાવપૂર્વક કરેલું તપ ઘોર કર્મોના નાશનું પરમ સાધન બને છે.

જૈનધર્મ એની અપૂર્વ અહિંસા, અનેકાન્તવાદ અને અપરિગ્રહવાદથી આપણા જીવનમાં દિવ્યદ્દષ્ટિનું દાન કરે છે. જેમણે જૈનધર્મની આ વાદત્રયી જાણી તેમણે જૈનધર્મનો આત્મા ઓળખ્યો છે.

જૈનધર્મની અહિંસા એ કાયરોની અહિંસા નથી. જૈનધર્મની અહિંસા કોઈ શરમરૂપ નથી. જૈનધર્મની અહિંસા માત્ર સમયપૂરતી તકવાદપૂરતી જ નથી. તેમજ જૈનધર્મની અહિંસા વેવલીયે નથી.

જૈનધર્મની અહિંસા શૂરવીરોની, મહાન સત્ત્વશાલીઓની અને પ્રચંડ શક્તિશાલીઓની અહિંસા છે.

જૈનધર્મની અહિંસા કોઈને ડરાવવા, સ્વાર્થ સાધવા, કોઈને નમાવવા માટે શસ્ત્રરૂપ નથી. તેમજ હઠ, વાસના, તમાશો કરવા કે બલાત્કારે પણ બીજાને થકવવાના શસ્ત્રરૂપ નથી.

વળી અત્યારે ખપપૂરતી અહિંસા વાપરો, શાંત રહો, મૌન રહો એમ પણ નથી. અને અહિંસાથી કાયર થાય, નમાલો થાય કે સત્ત્વહીન થાય એમ પણ નથી.

**અનેકાન્તવાદમાં** : આયે સાચું; તેયે સાચું, એમ પણ નથી. એમાં શંકા, અનિશ્ચિતતા કે સંયમ પણ નથી માત્ર દરેક વસ્તુ સમચિત્તપૂર્વક જુદી જુદી અપેક્ષા, જુદાં જુદાં દૃષ્ટિબિન્દુથી જે જોવાય-દેખાય તે રજુ કરે તે અનેકાન્તવાદ. આ અનેકાન્તવાદ સમજવા ઇચ્છનારે સપ્તનય અને સપ્તભંગી પણ સમજવાં જ જોઈએ.

**અપરિગ્રહવાદ** : અમારી સંસારિક વિષયો પ્રતિની આસક્તિ-મમતા છોડવાનું તે કહે છે. અપરિગ્રહી સદા સંતોષી અને સુખી હોય છે. જેટલી અનાસક્તિ અમમત્વ, ગૃધ્નુતાનો અભાવ-અહં અને મમ જેટલાં ઓછાં તેટલો અપરિગ્રહવાદ વધુ સુંદર.

**અન્તમાં** : જૈનધર્મ જીવનકલહમાંથી મુક્ત થવાનો માર્ગ ચીંધે છે. આધિ, વ્યાધિ ને ઉપાધિમાંથી મુક્ત થઈ શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થવાનો સરલ માર્ગ ઉપદેશે છે.

સર્વ જીવો સાથે સમભાવ રાખી, રાગદ્વેષની પરિણતિ અલ્પ કરી તમે વીતરાગતાના માર્ગે આગળ વધો એમ જૈનધર્મ શીખવે છે.

આજના કલહયુગમાં સાચી શાંતિનું દર્શન જૈનધર્મ કરાવે છે. **मित्ति मे सव्वभूएसु. मा कार्षीत् कोऽपि पापानि, शिवमस्तु जगतः** અને **ब्रह्मलोकस्य शान्तिर्भवतु** એ જૈનધર્મ આપણને શીખવે છે. જૈનધર્મના ઉપાસકો અહિંસા અને શાંતિના ભક્તો જૈનધર્મની આ શીખ જીવનમાં ઉતારે એ જ શુભેચ્છા. [ મૂળ લેખક : પ્રો. **સી. જે. મિશ્ર** ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુનંદા અને રૂપસેનકુમાર

[ ક્રમાંક : ૧૭૨ થી પૂર્ણ ]

## ' સંયમ કબ મિલે સસનેહી '

રાજાએ રાજપુત્રને રાજ્ય ભળાવ્યું અને પરિવાર સમેત રાજા અને રાજરાણીએ ગુરુમહારાજ પાસે જઈ મહોત્સવપૂર્વક ભાગવતી દીક્ષા સ્વીકારી.

રાજર્ષિએ તો અતિ ઉત્કટ વૈરાગ્ય ભાવનાથી સંયમ સ્વીકારી પોતાના આત્માને ખૂબ વિશુદ્ધ બનાવ્યો. બાર વર્ષ સંયમ પાળી, ઉત્કૃષ્ટપણે ચારિત્રનું આરાધન કરી કર્મ ખપાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને આખરે યોગનિધાન કરી સિદ્ધ બુદ્ધ અને મુક્ત થયા. તેમની સાથેના કેટલાક જીવો પણ કર્મ ખપાવી સિદ્ધ બુદ્ધ અને મુક્ત થયા. કેટલાક દેવલોકમાં ગયા અને ત્યાંથી ચ્યવી મનુષ્ય થઈ કર્મ ખપાવી મોક્ષે જશે.

રાણી સુનંદા સાધ્વીજી બન્યાં અને પોતાનાં ગુરુણીજી સાથે રહી શાસ્ત્રઅભ્યાસ, તપ અને સુંદર સંયમ પાળતાં તેમને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું.

એક વાર સુનંદા સાધ્વીજીએ પોતાનાં ગુરુણીજીને કહ્યું: હે માતા ! મારા નિમિત્તે જે જીવે સંસારપરિભ્રમણ કર્યું; જેણે નિરર્થક તીવ્ર કલેશ અનુભવ્યો અને ભયંકર દુઃખ-સાગરમાં અથડાયો તે જીવને; આપ આજ્ઞા આપો તો પ્રતિબોધ પમાડું અને દુઃખથી મુક્ત કરું.

**પ્રવર્તિની :** વત્સે ! તું જ્ઞાનકુશલ છો. તને જ્ઞાનથી લાભ જણાતો હોય તો સુખેથી જા અને એ જીવને પ્રતિબોધી તેનો ઉદ્ધાર કર.

સુનંદા સાધ્વીજી આજ્ઞા લઈ ચાર સાધ્વીજી સાથે વિહાર કરતાં સુગ્રામ શહેરમાં આવ્યાં અને ગૃહસ્થની રજા લઈ વસતિમાં ઊતર્યાં. ત્યાં જ ચાતુર્માસ રહ્યાં. ભવ્ય જીવોને નિરંતર પ્રતિબોધ આપી ધર્મવૃદ્ધિ કરવા લાગ્યાં.

એ સમયે હાથીના જીવરૂપે થયેલો રૂપસેન કુમારનો જીવ વિંધ્યાચલના જંગલમાં ઉન્મત્તપણે ફરે છે. નગરની સમીપે આવતાં નગરજનોની પાછળ દોડે છે, તેમને ભય પમાડે છે; તેનાથી ડરીને માણસો તેને આવતો જોઈ, દોડતો જોઈ ઝાડ ઉપર ચઢી જાય છે; કેટલાક નાસીને ગામમાં ચાલ્યા જાય છે, કેટલાક આમતેમ નાસીને કોઈ ઝાડીમાં જાળામાં સંતાઈ જાય છે. એમાં ભૂલેચૂકે કોઈ હાથીના ઝપાટામાં આવી જાય તો એના બાર જ વાગી જાય. હાથી કોઈકને પકડીને સૂંઢથી ઊંચે ઉછાળે. આમાં જેનું આયુષ્ય હોય તે બચે બાકી તો કોઈક મરે, કોઈક પીડા ભોગવે, કે કોઈકનાં અંગોપાંગ તૂટી જાય. કેટલાકને પકડીને એ હસ્તિરાજ જમીનમાં પટકીને યમશરણ કરે અથવા ચીરી નાંખે. આવી રીતે લોકોને ઉપદ્રવ કરીને એ હસ્તિરાજ પુનઃ જંગલમાં જતા રહે. હાથીના ડરથી લોકો બહાર નીકળતાં ભયભીત થઈ રહેતા.

આ બધા સમાચાર સાધ્વીજી સુનંદાને રોજ મળે છે. તેમણે જ્ઞાનથી જોયું ને વિચાર્યું કે આવતી કાલે સવારમાં હાથી નગરને સીમાડે આવશે માટે જાઉં અને તેને પ્રતિબોધું.

બીજે દિવસે પ્રાતઃકાલે એક સાધ્વીજીને સાથે લઈ સુનંદા સાધ્વીજી જંગલ તરફ ચાલી નીકળ્યાં. ધારણા પ્રમાણે હસ્તિરાજ નગર તરફ આવવા નીકળ્યો. દૂરથી તેને આવતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઈ માણસો નગર તરફ પાછા વળ્યા ને સાધ્વીજી મહારાજને પાછાં વળવા વિનવણી કરવા લાગ્યા. પણ સાધ્વીજી સુનંદા તો કોઈનુંયે સાંભળ્યા વિના માત્ર અરિહંતનું ધ્યાન કરતાં આગળ ધપવા લાગ્યાં.

થોડુંક ગયા પછી એક ઝાડ તળે સુનંદા સાધ્વીજીએ પોતાની સાથે આવેલાં સાધ્વીજીને કહ્યું: તમે રોકાઈ જાઓ. હું એ હસ્તિને પ્રતિબોધવા આગળ જાઉં છું. ગામના લોકોનો ભય જશે ને શાસનની પ્રભાવના થશે. તમે ચિંતા ન કરશો. આગળ ને આગળ નિર્ભયપણે ચાલ્યાં જતાં સાધ્વીજીને જોઈને લોકો પોકારો પાડીને કહેવા લાગ્યાઃ આગળ ન વધશો. ઓઢ્યો જમ જેવો આવશે તો તમને ભરખી જશે ભરખી.

પરન્તુ સુનંદા સાધ્વીજી તો અભય અને અદીનપણે વીર વીર વીર કરતાં આગળ વધે છે.

ત્યાં હાથીના ડરથી ઝાડ પર ચઢી ગયેલા લોકોએ સાધ્વીજીને જોઈને કહ્યું: અરે! પાછાં વળો પાછાં. આગળ જશો નહિ. ત્યાં વળી બીજું ટોળું પણ એવો જ ભયનો સૂર સંભળાવતું મળ્યું. લોકો તેમને આગળ વધતાં જોઈને અંદર અંદર કહેવા લાગ્યા. આ તો કોઈનું સાંભળતાં નથી. બહેરાં તો નથીને? ત્યારે પાગલ હશે! અરે! એને કાંઈ ભૂતબૂત તો નથી વળગ્યું ને? આટઆટલા લોકો ના પાડે છે છતાં કાંઈ સમજતાં નથી, પાછાં વળતાં નથી, તે શું ત્યાં હાથી પાસે મરવા જાય છે? ભાઈ ધન્ય છે એની વજ્જર જેવી છાતીને! સ્ત્રી કહો કાંઈ સ્ત્રી છે? આટલી હિમ્મત, આટલી ધીરજ, અરે આટલી શાંતિ ભલભલા મરદને પણ નથી હોતી.

ત્યાં તો એક અનુભવી સજ્જન બોલ્યાઃ ભાઈઓ! આ કોણ છે તેની તમને કોઈનેયે ઓળખાણ જ નથી. આ તો મહાસતી સાધ્વીજી છે. એનું હૃદય કઠોર નથી, એ બહેરી નથી, એ પાગલ નથી. આ તો ગુણગુણનો ભંડાર છે. એ બહુશ્રુત છે, એ તો પ્રભાવશાળી પ્રવચનકાર છે. એમના ઉપદેશથી ઘણા તર્યા છે. એના દર્શનથી કેટલાયે પવિત્ર થયા છે.

બીજો: હા, એ તો જાણીએ છીએ. તેઓ જે કરશે તે સારું જ કરશે. વળી એક બોલ્યાઃ ભાઈઓ આ તો મરણને જીતીને નિઃસ્પૃહ બની હાથીનો ઉપસર્ગ સહન કરવા જતાં હોય તો ના નહિ? આપણે શાસ્ત્રોમાં સાંભળીએ છીએ કે પૂર્વે પણ અનેક ત્યાગી, તપસ્વી, સાધુ, મહાત્માઓ ભયની સામે જઈને ઉપસર્ગ સહન કરતા હતા અને સિદ્ધિ મેળવતા હતા. પરંતુ એક વાત છે કે જે ગામની સીમમાં મુનિમહાત્માઓને ઉપસર્ગ થાય છે તે ગામનું અશુભ કરે છે. માટે દિલમાં ખેદ થાય છે કે આ અહીં શું?

આ પ્રમાણે વિવિધ જનપ્રવાદ વહી રહ્યો છે. ત્યાં સામેથી ચાલ્યા આવતા ગજરાજને લોકોએ જોયો. માણસોમાં દોડાદોડ શરૂ થઈ ગઈ. સાધ્વીજીની અને ગજરાજની દૃષ્ટિ મળી અને ગજરાજને સાધ્વીજી ઉપર મોહોદય પ્રગટ્યો. ક્રોધ શાંત થયો. તેમની ચારે બાજુએ તેણે ઘુમવા માંડ્યું. આ કોણ? આ કોણ? આમ વિચારતાં મનમાં આહ્લાદ પ્રગટ્યો. ત્યાં તો મીઠા મધુરા અવાજે સાધ્વીજીએ કહ્યું:

રૂપસેન! બુજ્ઝ! બુજ્ઝ! અરે ભોળા! મોહાંધ બની તેં શું શું દુઃખ સહન કર્યાં તે સંભાળ. અને આટલું છતાં હજી પણ તું મારા ઉપરનો સ્નેહ નથી છોડતો? મારા માટે ક્લેશ, વેદના અને દુઃખ સહતાં તારા સાત ભવ થયા. હજી પ્રેમબંધન નથી છૂટતું. અરે રે! તું દરેક ભવમાં અનર્થદંડથી દંડાયો છે. માટે સમજ:

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તું રૂપસેન થયો, ગર્ભમાં જન્મ્યો, સાપ થયો, કાગડો થયો, હંસ થયો, હરિણ થયો," આ બધામાં મેં તને મરાવ્યો હવે સાતમે ભવ તું હાથી થયો છે.

માટે હે ગજરાજ ? હવે પ્રેમબંધન તોડીને વૈરાગ્યને સ્વીકાર. ગજરાજે પણ એક ચિત્તે સાધ્વીજીનું આ બધું સાંભળ્યું અને વિચારવા લાગ્યો: હું અહીં કેમ આવ્યો ? ક્યાંથી આવ્યો ? આ કોણ છે વગેરે વગેરેનો ઊહાપોહ કરતાં જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના સાતે ભવ જોયા. અનુભવેલું બધું સુખ દુઃખ સ્મૃતિપટમાં તરી આવ્યું. એ દુઃખ, એ તાપ એ કષ્ટ એ વેદનાનું સ્મરણ થતાં જાણે કોઈએ વજ્રના ઘા માર્યા હોય તેમ સ્તબ્ધ થઈ ગયો. જાણે મૂર્છા આવી હોય તેમ જડ જેવો બની ગયો. પુનઃ ચેતના આવતાં નિઃસાસા નાંખતાં વિચાર્યું: અરે રે ? મેં હાથમાં આવેલું ચિન્તામણિ ખોઈ નાંખ્યું. હું સ્નેહાંધ બન્યો, કામાન્ધ બન્યો અને દૃષ્ટિરાગાન્ધ બન્યો. કરવાનું ન કર્યું; ન કરવાનું કર્યું. અમૂલ્ય રત્ન ચિન્તામણિ સરખો માનવભવ હું હારી ગયો અને ભયંકર દુર્ગતિમાં ભ્રમણ કર્યું.

ધન્ય છે આ પુણ્યાત્માને ! એ કર્મથી બંધાઈ; વળી બોધ પામીને ઉદ્ધારના પંથે વળી. એણે સમસ્ત પાપપુંજને બાળીને ભસ્મીભૂત કરનાર ઉત્તમ ચારિત્રધર્મ અંગીકાર કરીને જીવનને ધન્ય બનાવ્યું. હવે એને કોનો ડર રહ્યો ! ખરેખર, આ તો ધન્યવાદને પાત્ર છે. જેવો એણે સ્નેહ કર્યો તેવી રીતે નિભાવ્યો પણ ખરો.

આ સ્વાર્થથી ભરેલા સંસારમાં રૌરવ પીડાતા જીવને કોણ છોડાવવા આવવાનું હતું ? મારે માટે પણ આમના શરણ સિવાય બીજો કોઈ મુક્તિનો ઉપાય જ નથી. માટે મારો તો દૃઢ નિશ્ચય છે કે આ પુણ્યાત્મા સાધ્વીજી મારા છૂટકારા માટે—મારી મુક્તિનો ઉપાય બતાવે તે પ્રમાણે જ હું વર્તીશ: આમ વિચાર કરીને તે થોડાક નજીક આવ્યો અને પરમ પવિત્ર ક્ષમાભંડાર સાધ્વીજીને સૂંઢ લાંબી કરી, નમાવીને પ્રણામપૂર્વક દીન સ્વરે જાણે વિનંતિ કરતો ન હોય !

એની ચેષ્ટાઓથી જ સુનંદા બધું સમજી ગયાં.

**સુનંદા :** રૂપસેન ! તું લગારે ચિંતા ન કરીશ. તું પર્યાપ્ત પંચેન્દ્રિય છે. સારા ક્ષયોપશમવાળો છે. તું પંચમ ગુણસ્થાનકે પહોંચવાને લાયક છે. જેથી દુર્ગતિમાં પડતા જરૂર બચી જવાશે.

હાથી અને સાધ્વીજીનો આ શાંતભાવે ચાલતો વાર્તાલાપ સાંભળી ઝાડ ઉપર બેઠેલા માનવીઓ સ્તબ્ધ જ થઈ ગયા. અરે ! આ સાધ્વીજીનો ચમત્કાર તો જૂઓ, જેમને જોતાં જમના ભાઇ જેવો હાથી શાંત થઈ ગયો અને સાધ્વીજીની મીઠી મધુરી ધર્મ દેશના સાંભળી હાથી પણ પ્રતિબોધ પામ્યો. જુઓ, મહાક્રોધી અને દુષ્ટાત્મા હાથી પણ તેમના દર્શનથી કેવો નરમઘેંશ જેવો બનીને શાંતિથી ઊભો છે ? આ સાધ્વીજી તો મહાતીર્થરૂપ છે. શાસ્ત્રકારનું કથન સાચું છે કે "તીર્થયાત્રાનું ફલ તો કાલે—લાંબા ગાળે મળે છે પરંતુ સત્સંગ—સાધુ સમાગમનું ફલ તો તરત જ મળે છે. "**तीर्थरूपा हि साधवः**" "આ કથન તદ્દન સત્ય છે.

ચાલો એમની પાસે જઈએ. એમને પ્રેમથી નમીએ. હવે કોઈ જાતનો ડર નથી.

નગરમાં પણ આ શુભ સમાચાર પહોંચ્યા. અરે ! ઠેઠ રાજમહેલમાં આ સમાચાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહોંચ્યા. કે એક સાધ્વીજી મહારાજે આપણા નગરને આપણા જંગલને અને વિંધ્યાચલને ત્રાહિ ત્રાહિ પોકરાવનાર ભયંકર ગજરાજને જાણે મંત્રમુગ્ધ કર્યો હોય તેમ સ્તબ્ધ કરી દીધો છે. એ ગજરાજ જાણે બદલાઈ જ ગયો છે. સાધ્વીજીને નમે છે, પગે પડે છે, રડે છે અને દીન મનવાળો થઈ શાંતમને ઊભો છે.

આ શુભ સમાચાર સાંભળી કોઈ કુતૂહલથી, આશ્ચર્યથી, તમાશો જોવાની ઇચ્છાથી કે ધર્મશ્રદ્ધાથી જંગલ તરફ માનવ મહેરામણ ઉલટ્યો રાજા, અંતઃપુર, પ્રજાગણસમસ્ત અને સમસ્ત સૈન્યસમૂહ જંગલ તરફ આવે છે.

રાજા સાધ્વીજી મહારાજને પ્રેમથી–ભક્તિથી નમીને પૂછે છે: હે પુણ્યાત્મા, માતા સાધ્વીજી ! આ શું છે ? આજનો આ પ્રસંગ કેમ બન્યો તે સંભળાવોઃ

**સુનંદા :** રાજન્ ! એના રૂપસેનથી અત્યાર સુધીના આ સાત ભવ થયા છે. એણે વિષયાંધ બની જે સજા ભોગવી તે આ છે. હવે એણે આ બધું જાણી સંસારથી તરવાનો ઉપાય પૂછ્યો છે. મેં એને સંસારસાગર તરવાનો સરલ ઉપાય બતાવ્યો છે.

આ સાંભળી ત્યાં ઉપસ્થિત જનસમૂહ આશ્ચર્ય પામ્યો અને વૈરાગ્ય પણ પામ્યો.

પુનઃ સુનંદા સાધ્વીજી કહે છે: રાજન્ ! આ હાથી ગુણ અને લક્ષણસંપન્ન છે. આ હાથી ભદ્રક જાતિનો છે, જેને ત્યાં રહેશે એને ત્યાં ઋદ્ધિ–સિદ્ધિ–સમૃદ્ધિનો લાભ થશે, માટે તમારે આનું જરૂર પાલન–રક્ષણ કરવું જોઈએ.

આ સાંભળી પ્રસન્ન થઈને રાજા બોલ્યાઃ જો આ ગજરાજ અહીંથી સીધા મારી હસ્તિશાલામાં જાય તો ખુશીથી જીવન પર્યંત મારે ત્યાં રહે. હું તેમની સેવા કરવા તત્પર છું.

આ સાંભળી ગજરાજ પોતાની મેળે જ નગર તરફ ચાલ્યા. સ્વયમેવ હસ્તિશાળામાં જઈને ઊભા રહ્યા. રાજા સાધ્વીજી મહારાજે બતાવેલ વિધિ પ્રમાણે તેની ભક્તિ કરે છે અને સાધ્વીજી મહારાજના ઉપદેશથી ગજરાજ ખૂબ શાંતિપૂર્વક રહે છે. પ્રતિજ્ઞાનું પાલન કરે છે.

અનુક્રમે ગજરાજ આયુષ્ય પૂર્ણ કરી સમાધિપૂર્વક મૃત્યુ પામી સહસ્રાર દેવલોકમાં અઢાર સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યભવ પામી કર્મ ખપાવી મોક્ષે જશે.

સુનંદા સાધ્વીજી પણ અનેક રાજા–મહારાજાઓને પ્રતિબોધી; અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ આપી, જૈન શાસનની ઉન્નતિ કરીને ગુરુણીજી પાસે જાય છે. પ્રવર્તિનીએ પણ એમની ખૂબ જ પ્રશંસા કરી. સુનંદા સાધ્વીજી સુંદરરીતે સંયમ આરાધી, સર્વ કર્મનો ક્ષય કરી સિદ્ધ બુદ્ધ અને મુક્ત બને છે. અક્ષયપદ પ્રાપ્ત કરે છે.

**અન્તિમ ઉપસંહાર**

સુજ્ઞવાંચકો ! "**मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः**"ને ચરિતાર્થ કરતી આ વાર્તા વાંચી ખૂબ જ વિચાર કરજો. દુષ્ટ કૃત્ય ન કર્યા છતાંયે માત્ર એના સંકલ્પ અને વિકલ્પના પરિબળે રૂપસેનના જીવની જે દુર્દશા કરી, એની જે ભવપરંપરા કરાવી એ બધું વાંચી આપણે પણ મન જીતી તેને સદ્ધ્યાનના માર્ગે વાળીએ એ જરૂરી છે.

રૂપસેન કુમારના આ કથાનકથી આપણે મનને વશ કરવાનું શીખી લઈએ; અને સુનંદા રાજકુમારીના જીવનમાંથી પતન પછી પણ ભવ્ય ઉત્થાન, અને નિર્ભયતાના પાઠો શીખી લઈએ તો આ ક્ષણે પણ એ જ માર્ગે આગળ વધી આત્મકલ્યાણ સાધી શકીએ. N.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નોત્તર—કિરણાવલી

**પ્રયોજક: પૂજ્ય આચાર્ય શ્રીવિજયપદ્મસૂરિજી.**

[ ક્રમાંક: ૧૭૨ થી ચાલુ ]

**૨૮ પ્રશ્ન—સાતમા વાસુદેવ અને બળદેવના જીવનના મુખ્ય મુખ્ય મુદ્દાઓ કયા કયા ?**

ઉત્તર—૧—નામ-દત્ત વાસુદેવ. ૨—નંદન બળદેવ, ૩—વાસુદેવ પાછલા અનંતર ભવમાં પહેલા સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા હતા. ૪—બલદેવ પાછલા અનંતર ભવમાં પાંચમા બ્રહ્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા હતા. ૫—બંનેની જન્મભૂમિ વાણારસી નગરી. ૬—પિતાનું નામ-અગ્નિસિંહ રાજા. ૭—વાસુદેવની માતાનું નામ શેષવતી રાણી. ૮—બલદેવની માતાનું નામ જયંતા રાણી. ૯—બન્નેના શરીરનું પ્રમાણ છવ્વીસ ધનુષ્ય. આ દત્ત વાસુદેવના શરીરનું પ્રમાણ શ્રીઆવશ્યક સૂત્ર વિગેરે ઘણા ગ્રંથોમાં છવ્વીસ ધનુષ્યનું કહ્યું છે અને શ્રીસમવાયાંગ સૂત્ર વિગેરેમાં પાંત્રીસ ધનુષ્યનું કહ્યું છે. આ બાબતમાં કેટલાંએકનું માનવું એ છે કે દત્ત વાસુદેવ—અરનાથ અને મલ્લિનાથના આંતરામાં થયેલા હોવાથી તેમના શરીરનું પ્રમાણ છવ્વીસ ધનુષ્ય યોગ્ય સંભવે છે. અહીં તત્ત્વ કેવલી ભગવંત જાણે. ૧૦—વાસુદેવનું આયુષ્ય છપ્પન્ન હજાર વર્ષનું હતું. ૧૧—બળદેવનું આયુષ્ય પાંસઠ હજાર વર્ષનું હતું. ૧૨—બન્નેનું ગાતમ ગોત્ર હતું. ૧૩—વાસુદેવના શરીરનો વર્ણ લીલો હતો. ૧૪—બળદેવના શરીરનો વર્ણ સફેદ હતો. ૧૫—વાસુદેવના પૂર્વભવના ધર્માચાર્યનું નામ સાગરસૂરિ હતું. ૧૬—વાસુદેવ નવસો વર્ષ સુધી કુંવરપણે રહ્યા. ૧૭—પચાસ વર્ષ સુધી મંડલીક રાજાપણે રહ્યા. ૧૮—ત્રણ ખંડની સાધનામાં વાસુદેવને પચાસ વર્ષ ગયાં. ૧૯—પંચાવન હજાર વર્ષ સુધી વાસુદેવે વાસુદેવપણું ભોગવ્યું. ૨૦—વાસુદેવ મરણ પામીને પાંચમી ધૂમપ્રભા નારકીમાં નારકપણે ઉત્પન્ન થયા. ૨૧—બલદેવ સંયમની નિર્મળ સાધના કરીને મોક્ષે ગયા. ૨૨—આ વાસુદેવ અને બળદેવ બન્ને અરનાથ તીર્થંકરના તીર્થમાં થયા.

**૨૯ પ્રશ્ન—આઠમા વાસુદેવ અને બળદેવના જીવનના મુખ્ય મુખ્ય મુદ્દાઓ કયા કયા ?**

ઉત્તર—૧—નામ=વાસુદેવનું નામ લક્ષ્મણ. ૨—બળદેવનું નામ રામચંદ્ર હતું. તેમનું બીજું નામ પદ્મ હતું. ૩—લક્ષ્મણ વાસુદેવ પાછલા અનંતર ભવમાં ત્રીજા સનત્કુમાર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા હતા. ત્યાંથી ચળીને અહીં વાસુદેવપણે ઉત્પન્ન થયા. ૪—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રામચંદ્ર બળદેવ પાછલા અનંતર ભવમાં પાંચમા બ્રહ્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા હતા. ત્યાંથી ચવીને અહીં બળદેવપણે ઉત્પન્ન થયા, ૫—બન્નેની જન્મભૂમિ અયોધ્યા નગરી. ૬—પિતાનું નામ દશરથ રાજા. ૭—વાસુદેવની માતનું નામ સુમિત્રા રાણી. ૮—રામચંદ્ર બળદેવની માતાનું નામ અપરાજિતા રાણી (કૌશલ્યા રાણી). ૯—લક્ષ્મણ વાસુદેવનું આયુષ્ય બાર હજાર વર્ષનું હતું. ૧૦—રામચંદ્ર બળદેવનું આયુષ્ય પંદર હજાર વર્ષનું હતું. ૧૧—બન્નેનાં શરીરનું પ્રમાણ સોળ ધનુષ્ય હતું. ૧૨—બન્નેનું ગૌતમ ગોત્ર હતું ૧૩—વાસુદેવના શરીરનો વર્ણ લીલો હતો. ૧૪—રામચંદ્રના શરીરનો વર્ણ સફેદ હતો. ૧૫—વાસુદેવના પૂર્વભવના ધર્માચાર્યનું નામ સમુદ્રદત્ત હતું. ૧૬—વાસુદેવ એક સો વર્ષ સુધી કુંવરપણે રહ્યા. ૧૭—ત્રીસ વર્ષ સુધી મંડલિક રાજા પણે રહ્યા. ૧૮—અગિયાર હજાર આઠસો ને સીત્તર વર્ષ સુધી વાસુદેવે વાસુદેવપણું ભોગવ્યું. ૧૯—વાસુદેવ મરણ પામીને ચોથી પંકપ્રભા નારકીમાં નારકપણે ઉત્પન્ન થયા. ૨૦—બળદેવ સંયમની નિર્મળ સાધના કરીને મોક્ષે ગયા ૨૧—લક્ષ્મણ અને રામચંદ્રજી બન્ને વીસમા તીર્થંકર મુનિસુવ્રતસ્વામીના તીર્થમાં થયા.

૩૦ પ્રશ્ન—નવમા વાસુદેવના અને બળદેવના જીવનના મુખ્ય મુખ્ય મુદ્દાઓ કયા કયા ?

ઉત્તર—૧—નામ-કૃષ્ણ વાસુદેવ. ૨—રામ બળદેવ (બીજું નામ બલભદ્ર) ૩—વાસુદેવ પાછલા અનંતર ભવમાં સાતમા મહાશુક્ર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા હતા. ત્યાંથી ચ્યવીને કૃષ્ણ વાસુદેવપણે ઉત્પન્ન થયા હતા. ત્યાંથી ચ્વીને કૃષ્ણ વાસુદેવપણે ઉત્પન્ન થયા. ૪—બળભદ્રજી પાછલા અનંતર ભવમાં પાંચમા બ્રહ્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા હતા. ત્યાંથી ચ્યવીને અહીં બળભદ્ર નામના બળદેવપણે ઉત્પન્ન થયા. ૫—વાસુદેવની જન્મભૂમિ-મથુરા નગરી. અહીં સમજવા જેવી બીના એ છે કે કૃષ્ણ વાસુદેવ કંસરાજાને ત્યાં જન્મ્યા હતા અને ગોકુળ ગામમાં મોટા થયા હતા. તથા તેમણે દ્વારકા નગરીમાં રાજ્ય કર્યું હતું અને કૌશાંબી નગરીની અટવીમાં મરણ પામ્યા. બળદેવનો જન્મ સૌરીપુરમાં થયો હતો કારણ કે યાદવો મૂળ-સૌરીપુરના રહીશ હતા એમ રામાયણમાં કહ્યું છે. ૬—પિતાનું નામ વસુદેવ રાજા. ૭—વાસુદેવની માતાનું નામ-દેવકી રાણી ૮—બળભદ્રની માતાનું નામ રોહિણી રાણી, ૯—વાસુદેવનું આયુષ્ય એક હજાર વર્ષનું હતું. ૧૦—બળભદ્રનું આયુષ્ય બારસો વર્ષનું હતું. ૧૧—બન્નેના શરીરનું પ્રમાણ દશ ધનુષ્ય હતું. ૧૨—બન્નેનું ગૌતમ ગોત્ર હતું. ૧૩—કૃષ્ણ વાસુદેવના શરીરનો રંગ લીલો હતો. ૧૪—બળભદ્રના શરીરનો વર્ણ સફેદ હતો. ૧૫—વાસુદેવના પૂર્વ ભવના ધર્માચાર્યનું નામ દ્રુહંતસેન હતું. ૧૬—વાસુદેવ સોળ વર્ષ કુંવરપણે રહ્યા. ૧૭—છપ્પન વર્ષ મંડલીક રાજાપણે રહ્યા. ૧૮—નવસો અઠ્યાવીસ વર્ષ સુધી કૃષ્ણ વાસુદેવે-વાસુદેવપણું ભોગવ્યું. અહીં સમજવાનું એ છે કે આઠમા અને નવમા વાસુદેવને ત્રણ ખંડની સાધનામાં થોડો જ સમય ગએલો હોવાથી તેને વાસુદેવપણાના કાળથી જૂદો પાડ્યો નથી. ૧૯—કૃષ્ણ વાસુદેવ મરણ પામીને ત્રીજી વાલુકાપ્રભા નારકીમાં નારકપણે ઉત્પન્ન થયા. ૨૦—બળભદ્રજી સયંમની નિર્મલ સાધના કરીને પાંચમા બ્રહ્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ૨૧—કૃષ્ણ વાસુદેવ અને બળભદ્રજી બાવીસમા તીર્થંકર શ્રીનેમિનાથ ભગવાનના તીર્થમાં થયા. ૩૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૧ પ્રશ્ન—આ નવે વાસુદેવમાં કઈ કઈ બાબતની સરખામણી હોય છે?

ઉત્તર—૧—નિશ્ચયે કરીને વાસુદેવ પાછલા ત્રીજા ભવમાં નિયાણું કરી તેજ દેવલોકના સુખ ભોગવીને વાસુદેવપણે ઉત્પન્ન થાય. એટલે વાસુદેવ વાસુદેવપણું નિયાણાના ફળરૂપે ભોગવે. ૨— નવે વાસુદેવનું ગોત્ર એક સરખું હોય એટલે ગૌતમ ગોત્રના નવે વાસુદેવ હતા. ૩—નવ વાસુદેવના શરીરનો વર્ણ એક સરખો જ હોય. ૪—મરણ પામીને નરકગતિ સિવાય બીજી ગતિમાં જાય જ નહીં પણ નરક સ્થાનના સાત ભેદ હોવાથી બધાએ એકજ નરકમાં જાય એવો નિયમ નથી. આ રીતે ચાર બાબતમાં સરખામણી સંભવે છે. ૩૧.

૩૨—પ્રશ્ન—વાસુદેવની અને બળદેવની બાબતમાં કઈ કઈ ઘટના સરખી હોય?

ઉત્તર—૧—જન્મભૂમિ. ૨—પિતા. ૩—શરીરનું પ્રમાણ. ૪—ગોત્ર આ ચાર બાબતમાં સરખામણી હોય છે. એટલે એ ચાર બાબતો વાસુદેવ અને બળદેવને એકસરખી સમજવી. તે બંનેની બાબતમાં યાદ રાખવા જેવી બીના એ છે કે—

૧—વાસુદેવ જેમ નિયાણું કરીને જ ઉત્પન્ન થાય છે. એવું બળદેવની બાબતમાં હોતું નહીં. માટે વાસુદેવ નરકે જ જાય પણ બળદેવ કાં તો દેવલોકમાં જાય અથવા કાં તો મોક્ષે જાય. આ અવસર્પિણીના નવ બળદેવોમાં શરૂઆતના આઠ બળદેવો મોક્ષે ગયા અને નવમાં બલભદ્ર, પાંચમા બ્રહ્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ૨—વાસુદેવ કરતાં બળદેવને મહાઆરંભ અને મહાપરિગ્રહની તીવ્ર ઈચ્છા હોતી નથી. ૩—વાસુદેવ કરતાં બળદેવનું આયુષ્ય વધારે ન હોય. ૩૨

૩૩ પ્રશ્ન—વાસુદેવ અને બળદેવની માતા એક હોય કે જુદી જુદી હોય?

ઉત્તર—બંનેની માતા એક ન હોય પણ જુદી જુદી હોય. ૩૩.

૩૪ પ્રશ્ન—પ્રતિવાસુદેવનું સ્વરૂપ શું?

ઉત્તર—૧—વાસુદેવના ઉત્પન્ન થયા પહેલાં પ્રતિવાસુદેવ ત્રણ ખંડનો સ્વામી હોય છે અને તેનું મરણ તેના જ ચક્ર વડે વાસુદેવના હાથે થાય છે. જ્યારે પ્રતિવાસુદેવ મરણ પામે ત્યારે ત્રણ ખંડના સ્વામી વાસુદેવ ગણાય. વાસુદેવની માફક પ્રતિવાસુદેવ પણ મરણ પામીને નરકે જાય. આ અવસર્પિણીમાં ૧—અશ્વગ્રીવ, ૨—તારક, ૩—મેરક, ૪—મધુ, ૫—નિશુંભ, ૬—બલી, ૭—પ્રહ્લાદ, ૮—રાવણ. ૯—જરાસિંધુ—આ નામના નવ પ્રતિવાસુદેવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુલાબ અને કાંટા

જૈનોને ગૌરવ આપનારી કેટલીયે હકીકતો તરફ વિદ્વાનોની ઉપેક્ષા વૃત્તિ જોવાય છે. એવી હકીકતો તરફ અહીં સહુનું ધ્યાન દોરવામાં આવે છે.

ભારતની ચિત્રકળાનાં ઉત્કૃષ્ટ ભિત્તિ–આલેખનો જેવાં અજંટા, બાઘ અને સિત્તનવાસલમાં છે તેવાં આલેખનો ગૂર્જરભૂમિ ઉપર આજે ઊભાં નથી પરંતુ ગુજરાત આશ્વાસન લઈ શકે અને જૈનો ગૌરવ માણી શકે એવાં ચિત્રકળાનાં પ્રતીકો જૈનોના ભંડારમાંના હસ્તલિખિત તાડપત્ર અને કાગળની પોથીઓ ઉપર આલેખાયેલાં મળે છે. પ્રાચીનતાની દૃષ્ટિએ બંગાળાના પાલયુગનાં થોડાંક સાધારણ કોટિનાં ચિત્રો તાડપત્ર પર જે આલેખાયાં છે તેને બાદ કરતાં ગુજરાત સિવાય આખાયે ભારતવર્ષમાં એવી ઊંચી કોટિનાં ઉલ્લેખવાયોગ્ય ચિત્રો મળતાં નથી, જૂનામાં જૂની તાડપત્રની સચિત્ર પોથી પાટણના સંઘવી પાડાના જૈન ભંડારમાં છે, તે સં. ૧૧૫૭ (ઈ. સ. ૧૧૦૦) માં ભરૂચમાં લખાયેલી નિશીથચૂર્ણિની પ્રતિ છે. તે પછીના કાળની સુરેખ અંકનોવાળી ચિત્રાવલિ જુદીજુદી પોથીઓમાં સુરક્ષિત છે. આ રેખાંકનોની પદ્ધતિ અજંટાશૈલિની છે અને એ ચિત્રકારો ગુર્જરભૂમિનાં જ સંતાનો હતાં એ એક ગૌરવભરી હકીકત છે.

×

પશ્ચિમના મોટા વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને 'સાપેક્ષવાદ' નામના સિદ્ધાંતની શોધ કરી જગતમાં ભારે નામના મેળવી છે. એ સિદ્ધાંત સાથે જૈનોના સાપેક્ષવાદનો કેટલો મેળ ખાય છે એ તરફ હજી વિદ્વાનોનું ધ્યાન ખેંચાયું નથી. વૈજ્ઞાનિકો પદાર્થોના સ્વભાવ અને યૌગિક મિશ્રણોનું તારતમ્ય બુદ્ધિદ્વારા કેટલી હદ સુધી કરી શક્યા છે અને ભારતવર્ષના મહાત્માઓએ પોતાના આધ્યાત્મિક ચિંતન દ્વારા સ્થાપેલા સિદ્ધાંતોના માર્ગે કેટલું અંતર રાખે છે એ ખરેખર રસિક વિષય સરખાવવા જેવો છે.

આઈન્સ્ટાઈન પોતાના સિદ્ધાંતમાં પદાર્થ અને શક્તિનું જે વિવેચન કરે છે તે બરાબર જૈનોના દ્રવ્ય અને પર્યાયના સિદ્ધાંતને લાગુ પડે છે. ફેર માત્ર એટલોજ છે કે આઈન્સ્ટાઈનના અંદાજમાં અનિશ્ચિત શરત છે કે જો આમ હોય તો આમ થાય. જ્યારે જૈનોના સિદ્ધાંતમાં એ શરત નથી.

દાખલા તરીકે જૈનો માને છે કે પર્યાયોના ચાહે તેટલા પલટા થાય પણ દ્રવ્ય પલટાતું નથી કે ઘટતુંયે નથી. દ્રવ્યાંશ તો ધ્રુવ અને સ્થિર જ રહે છે. જ્યારે આઈન્સ્ટાઈનના કહેવા પ્રમાણે હજારો અબજ વર્ષે અડધી રત્તિ ગરમીનો વ્યય થાય તો હજારો નીલ વર્ષે ગરમી ખતમ થઈ જાય.

વૈજ્ઞાનિકો આપણા મહાત્માઓના આધ્યાત્મિક ચિંતનની છેલ્લી કોટિ સુધી પહોંચવાનો પ્રયત્ન જારી રાખે તો જરૂર વૈજ્ઞાનિક કસોટીએ સિદ્ધાંતોનું મૂલ્ય અંકાયા વિના ન જ રહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્રાટ અશોકની પહેલાંના હજી સુધી માત્ર બે નાના શિલાલેખો મળ્યા છે, જેમાંનો એક અજમેરના બડલી ગામથી મળ્યો છે તે બ્રાહ્મી લિપિનો જૈન લેખ છે. અને બીજો નેપાલની તળેટીના પિપ્રાવા નામક સ્થાપના એક સ્તૂપમાંથી મળેલા પાત્ર પર ઉત્કીર્ણ છે. જે પાત્રમાં બુદ્ધદેવનાં અસ્થિ રાખવામાં આવેલાં હતાં. જૈનોના એ અતિપ્રાચીન શિલાલેખોમાં આ પ્રમાણેનો ઉલ્લેખ છે.

**वीर [ ा ] य भगव [ त ]**—પ્રથમ પંક્તિ

**चतुरासिति व [स]**—બીજી પંક્તિ.

આ લેખમાં ઉલ્લેખાયેલું ૮૪ મું વર્ષ જૈનોના અંતિમ તીર્થંકર શ્રીમહાવીર-સ્વામીના નિર્વાણ સંવત્ નું હોવું જોઈએ એવું પુરાતત્ત્વજ્ઞોએ ઉલ્લેખ્યું છે. અને તેથી આ લેખનું ઈ. સ. પૂર્વે ( ૫૨૭-૮૪= ) ૪૪૨ મું વર્ષ ગણાય.

ભારતવર્ષના ઈતિહાસમાં આટલો પ્રાચીન લેખ કોઈ પણ ધર્મનો મળી આવ્યો નથી. અને તેથી શિલાલેખોમાં આ લેખ સૌથી પહેલો મનાય છે. જો આવો કોઈ લેખ બીજા ધર્મનો મળી આવ્યો હોત તો ઈતિહાસકારો એના ઉપર સેંકડો અનુસંધાનો ગોઠવી ગ્રંથોના ગ્રંથો લખત. પણ એ લેખ જૈનોનો છે એથી જ માત્ર સંગ્રહસ્થાનની શોભારૂપ બની રહ્યો છે.

આ શિલાલેખની લિપિ અશોકના લેખોની લિપિથી પહેલાંની છે કેમકે **वीराय** ના **वी** અક્ષરમાંની ई ની માત્રાનું જે ચિહ્ન છે તે ન તો અશોકના લેખોમાં કે ન પાછળના કોઈ પણ લેખોમાં મળી આવે છે.

×

બ્રાહ્મી લિપિ ભારતની પ્રાચીન લિપિ છે. અશોકથી પૂર્વના જૈન 'સમવાયાંગસૂત્ર' માં તથા પાછળના બનેલા બૌદ્ધોના 'લલિતવિસ્તરા' ગ્રંથમાં બ્રાહ્મી ઉપરાંત ઘણીયે લિપિઓનાં નામો મળે છે. પરંતુ તેનો કોઈ પણ લેખ હજી સુધી મળ્યો નથી. તેનું કારણ કદાચ એમ હોય કે પ્રાચીન કાળમાં જ બધી અસ્ત થઈ ગઈ હોય. અને તેનું સ્થાન અશોકના સમયની બ્રાહ્મીએ લીધું હોય. ઈ. સ. પૂર્વની પાંચમી શતાબ્દિથી પહેલાંની બ્રાહ્મીનો કોઈ લેખ મળી આવ્યો નથી, તેથી બ્રાહ્મી લિપિનો પ્રારંભ ઈ. સ. પૂર્વે ૫૦૦ ની આસપાસથી શરૂ થાય છે એમ પુરાતત્ત્વજ્ઞોનું માનવું છે.

જૈનોના મંતવ્ય મુજબ આદિતીર્થંકર ઋષભદેવ ભગવાનની પુત્રી બ્રાહ્મીના નામ ઉપરથી બ્રાહ્મી લિપિનું સર્જન થયું હતું- અને બ્રાહ્મી લિપિનો પ્રથમ લેખ જૈનોનો મળી આવે છે એ હકીકત અજબ યોગ જેવી ગણાય.

×

ડો. સિલ્વન લેવી કહે છે કે—પ્રાચીન બંગાળી લિપિના શબ્દો વિશેષે કરીને યુક્તાક્ષરો દેવનાગરી સાથે સરખાવાતા નથી. તેનો મરોડ જૈનોનો પ્રાચીન લિપિ સાથે મેળ ખાય છે. આ હકીકત શું તે પ્રદેશ ઉપર જૈનોની વ્યાપક અસરની પ્રતીતિ નથી કરાવતા? એ જ રીતે એ પ્રદેશોના ભૂગર્ભમાં પડેલાં ઐતિહાસિક ચિહ્નોની શોધ કાઢવામાં આવે તો જૈન સંસ્કૃતિની પ્રાચીનતા અને કડીબંધ ઈતિહાસની સંકલતાનાં સાધનો મળી આવ્યા વિના ન જ રહે. પણ એવું મહાભારત કામ કરે કોણ? જૈનોની માતબર સંસ્થાઓ એ તરફ દૃષ્ટિ દોડાવે તો આપણી સંસ્કૃતિના ઉદ્ધારની પુનર્રચના કરવાનાં સ્વપ્નોનો સાક્ષાત્કાર હાથવેંતમાં બને. અં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[ અનુસંધાન ટાઈટલ પેજ બીજાનું ચાલુ ]

આ શાસન પત્રની ૨૯-૩૦ મી પંક્તિમાં નીચે પ્રમાણે ઉલ્લેખ છેઃ—

२९ [१३] आदानादेतस्माद् भागद्वयमर्हतः कृतं गुरुणा। शेषस्तृतीयभागो विद्याधनमात्मनो विहितः ॥ [१४] राज्ञा तत्पुत्रपौत्रैश्च गोष्ठ्या पुरजनेन च गुरुदेवधनं रक्ष्यं नोपे[क्ष्यं हितमि (मी) प्सुभिः] ॥ [१५] दत्ते दाने फलं दानात्पालिते पालनात्फलं [भक्षितो]पेक्षिते पापं गुरुदे (३०) [वधने] धिकं ॥ [१६][२]

—રાજાએ આપેલા ધનમાંથી ગુરુએ એવી વ્યવસ્થા કરી હતી કે, બે ભાગ જિનમંદિરમાં વપરાય અને એક ભાગ પોતાના જ્ઞાનધન તરીકે ઉપયોગમાં લેવાય. રાજાએ તેના પુત્ર પૌત્રોએ, ગોષ્ઠિકોએ, અને નગરજનોએ ગુરુદ્રવ્ય અને દેવદ્રવ્યના રક્ષણ માટે પ્રયત્ન કરવો. હિતની ઈચ્છાવાળાએ તેના રક્ષણમાં ઉપેક્ષા ન રાખવી. દાન આપવાથી દાનનું ફળ મળે છે અને રક્ષણ કરવાથી રક્ષણનું ફળ મળે છે. ગુરુદ્રવ્ય અને દેવદ્રવ્યનું ભક્ષણ થતું જોઈને ઉપેક્ષા કરવાથી અધિક પાપ લાગે છે.

સુજ્ઞ વાંચકો! આ પ્રાચીન ઐતિહાસિક લેખ વાંચી દેવદ્રવ્યના રક્ષણ માટે પ્રયત્ન કરશે એ જ શુભેચ્છા.

દસમી સદીનું આ શાસનપત્ર આપણને ઘણું ઘણું શીખવાનું આપે છે. (આ આખો લેખ અજમેરના મ્યુઝિયમમાં વિદ્યમાન છે.)

---

૨. આ જૈન રાજાઓનો વિસ્તૃત પરિચય અમારા તરફથી તૈયાર થયેલા 'જૈન પરંપરાના ઈતિહાસમાં આલેખાયો છે, જે થોડા સમયમાં પ્રસિદ્ધ થશે.

× × ×

## નવી મદદ

૨૫) પૂ. આ. શ્રી આનંદસાગરજી મ. ( વીરપુત્ર )ના સદુપદેશથી શ્રી જૈન સંઘ પ્રતાપગઢ (રાજસ્થાન)

૧૦) પૂ. મુનિરાજ શ્રી ભુવનવિજયજીના સદુપદેશથી શા. સોનલાલ પોપટલાલના સૌ. ધર્મપત્ની બાઈ સરસ્વતી. બાલાપુર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No, B. 3801 श्री जैन सत्य प्रकाश

## દરેકે વસાવવા યોગ્ય

# શ્રી જૈન સત્ય પ્રકાશના વિશેષાંકો

## (૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

## (૨) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક : મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબ આપતા લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્ય મ૦ના જીવન સબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના

## કાચી તથા પાકી ફાઈલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, પાંચમા, આઠમા, દશમા, અગિયારમા, બારમા, તેરમા તથા ચૌદમા વર્ષની પાકી ફાઈલો તૈયાર છે. મૂલ્ય દરેકના અઢી રૂપિયા

—લખો—

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ**
**જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.**

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only